સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૩૦૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫
www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# મોદીના હસ્તે રામ મંદિરા સુવર્ણ શિખર પર ધ્વજારોહણ

## અભિજીત મુહુર્તમાં ત્રેતાયુગ પછી પ્રથમવાર અયોધ્યા રાજવંશનો ધ્વજ લહેરાયોઃ રામ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થવાની ઘોષણા

નવી દિલ્હી, તા. ૨૫

ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યામાં ફરી એક વખત ઐતિહાસીક અવસર ભવ્ય રીતે ઉજવાયો હતો અને સમગ્ર રામનગરી રામમય બની હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રામ મંદિરના સુવર્ણ શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

આ સાથે ભવ્ય રામ મંદિર સંપૂર્ણ રીતે પૂર્ણ થયાની ઘોષણા કરવામાં આવી હતી. ભવ્ય ધાર્મિક ઉત્સવમાં ૮૦૦૦ ખાસ મહેમાનો સામેલ થયા હતા અને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.અયોધ્યા રામમંદિરનાં સુવર્ણ શિખર પર આજે બપોરે શુભ મુહુર્તમાં વડાપ્રધાન મોદીનાં હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતું. ૨૨ ફૂટ લાંબા તથા ૧૧ ફૂટ પહોળો ધ્વજ ફરકતાની સાથે જ જયશ્રી રામનાં નારા સાથે અલૌકિક વ્યવસ્થા સર્જાયુ હતું.રામમંદિર ધ્વજારોહણમાં સામેલ મહેમાનો અગાઉ જ અયોધ્યા પહોંચી ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે અયોધ્યા પહોંચતાની સાથે જ સીધા સાત મંદિર ગયા હતા જયાં મહર્ષિ, વશિષ્ઠ, મહર્ષિ વિશ્ર્વામિત્ર, મહર્ષિ અગસ્ત્ય, મહર્ષિ વાલમીકી, દેવ અહીલ્યા, નિષાદરાજ, ગુહા તથા માતા શબરી મંદિરમાં પુજા કરી હતી. ત્યાંથી શેષાવતાર મંદિર અને ત્યારબાદ અન્નપૂર્ણા મંદિરે દર્શન પૂજા કર્યા હતા.રામ દરબાર ગર્ભગૃહમાં દર્શન પૂજન બાદ સુવર્ણ શિખર પર ધ્વજારોહણ કર્યુ હતું.

શ્રી રામજન્મ ભુમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટનાં ખજાનચી ગોવિંદ દેવગીરી મહારાજે કહ્યુ હતુ કે અભિજીત મુહુર્તમાં ધ્વજારોહણ નકકી કરવામાં આવ્યું હતું. સવારે ૧૧.૫૮ થી બપોરે ૧ વાગ્યા સુધીનું આ શુભ મુહુર્ત હતું.ધ્વજારોહણ બાદ વડાપ્રધાને સંપૂર્ણ નિરિક્ષણ કર્યુ હતું.

અયોધ્યા રાજવંશનો ધ્વજ ત્રેતાયુગ બાદ પ્રથમ વખત અધિકારીક રીતે રામમંદિરમાં લહેરાવવામાં આવ્યો છે. વૈશ્ર્વનવ પરંપરાના સંતોએ શાસ્ત્રોનાં અધ્યયન અને વિચાર વિમર્શ બાદ આ ધ્વજની રચના કરી છે. કેસરી રંગનો ધ્વજ ત્યાગ અને સમર્પણનો પ્રતિક છે. ધ્વજ પર સુર્યવંશી ભગવાન રામનાં પ્રતિક સુર્યદેવનુ આંકન કરવામાં આવ્યું છે.

ધ્વજારોહણ સમારોહમાં સામેલ થવા ભાવિકોનાં અભૂતપૂર્વ ઉત્સાહને ધ્યાને રાખીને લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવ્યું હતું. ૫૦ થી વધુ સ્થળોએ એલઈડી સ્ક્રીન મુકવામાં આવી હતી. રામમંદિર ખાતેનાં આ સમારોહમાં ૮૦૦૦ થી વધુ મહેમાન સાક્ષી બન્યા હતા.

ધ્વજારોહણ કાર્યક્રમ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામપથ પર રોડ-શો કર્યો હતો જે દરમ્યાન ઉપસ્થિત હજારો

અનુસંધાન પાના ૭ પર



# તમિલનાડુમાં બે યાત્રી બસો વચ્ચે ભયાનક ટક્કર : છ લોકોનાં મોત

### મદુરાઈ- સેનકોટ્ટાઈ માર્ગ પર ગંભીર વાહન દુર્ઘટનામાં ૩૦ મુસાફરો ઘવાયા

નવી દિલ્હી, તા. ૨૫

તમિલનાડુ રાજયના તેનકાસી જિલ્લામાં બે બસો સામસામી ટકરાતા આ ગમખ્વાર અકસ્માતમાં છનાં મોત અને ૩૦થી વધુ મુસાફરો ઘાયલ થતા સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. મૃતકોમાં પાંચ મહિલા એક પુરૂષનો સમાવેશ થાય છે.



મળતી વિગત મુજબ તમિલનાડુના તેનકાસી જિલ્લામાં મદુરાઈથી સેનકોટ્ટાઈ જતી બસ કોવિલ પટ્ટી આગળ અન્ય બસ સાથે અથડાતા માર્ગ મુસાફરોની ચીચીયારીથી ગુંજી ઉઠયો હતો.

ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ દોડી આવી હતી. સ્થળ પર જ બસમાં સવાર પાંચ મહિલા એક પુરૂષના મોત થયા હતા. ૩૦થી વધુ ઘાયલ થતા ૨૫ જેટલી એમ્બ્યુલન્સની મદદથી દવાખાને સારવારમાં ખસેડાયા હતા.

બસમાં ફસાયેલા મુસાફરોને

અનુસંધાન પાના ૭ પર

# છત્તીસગઢમાં ૫ વર્ષના વિદ્યાર્થીને ટીચરે ઝાડ પર લટકાવી દીધો

### પ્રાઈવેટ સ્કુલની ઘટનાનો વિડીયો વાયરલ થતા સ્કૂલમાં વાલીઓનો હોબાળો

નવી દિલ્હી, તા. ૨૫

છત્તીસગઢના સુરજપુરમાં એક પ્રાઈવેટ સ્કૂલમાં કેજી-ટુના વિદ્યાર્થી (૫ વર્ષ) ને હોમવર્ક ન કરવા બદલ શિક્ષકે કલાકો સુધી ઝાડ પર લટકાવી દીધો. ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ વાલીઓનો ગુસ્સો ફાટી નીકળ્યો. મોટી સંખ્યામાં વાલીઓએ સ્કૂલમાં હોબાળો મચાવ્યો હતો.

જયારે, સ્કૂલ સંચાલક સુભાષ શિવહરેએ આ ઘટનાને સામાન્ય ગણાવી. તેમનું કહેવું છે કે બાળક ભણવામાં નબળું હતું અને તેને ડરાવવા માટે આવું કરવામાં આવ્યું હતું જેથી તે ભણવા પર ધ્યાન આપે. વિવાદ વધતા શિક્ષણ વિભાગ પણ દોડતું થયું.

વિકાસખંડ શિક્ષણ અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા અને ઘટનાની તપાસ કરી. તેમણે આ મામલાનો અહેવાલ ઉચ્ચ અધિકારીઓને મોકલવાની વાત કરી છે. આ તરફ, મામલો ગરમાયા બાદ શિક્ષિકાએ રડતા-રડતા પોતાની ભૂલ સ્વીકારી લીધી છે.

ખરેખરમાં, આ મામલો નારાયણપુરના હંસવાની વિદ્યા મંદિરનો છે. આ સ્કૂલમાં નર્સરીથી આઠમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ

અનુસંધાન પાના ૭ પર

# યુપી, બિહારની ખાનગી હોસ્પિટલોમાં નવજાત શિશુઓનો મૃત્યુ દર ઉંચો

### યુપી-બિહારના ૭૭ હજાર ડિલિવરી કેસોના અધ્યન પર અમેરિકાનો રિપોર્ટ

નવી દિલ્હી, તા. ૨૫

અમેરિકાના રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર કમ્પેશનેટ ઈકોનોમિક્સ (RICI)ના રિસર્ચર નાથન ફ્રાન્ઝનો નવો અભ્યાસ સામે આવ્યો છે. જેમાં ખુલાસો થયો છે કે ભારતના ઉત્તર પ્રદેશ અને બિહારના ગ્રામીણ વિસ્તારોમાં પ્રાઈવેટ હોસ્પિટલોમાં જન્મ લેતા નવજાત બાળકોના મૃત્યુનું જોખમ સરકારી હોસ્પિટલોની સરખામણીમાં ૬૦% વધુ છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૪ અને નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ના ૭૭ હજાર ડિલિવરી કેસનું વિશ્લેષણ કરવામાં આવ્યું. જેમાં સામે આવ્યું કે પ્રાઈવેટ હોસ્પિટલોમાં નવજાત મૃત્યુ દર પ્રતિ ૧૦૦૦માંથી ૫૧ છે, જયારે સરકારી હોસ્પિટલોમાં આ આંકડો પ્રતિ ૧૦૦૦એ માત્ર ૩૨નો છે.પ્રાઈવેટ હોસ્પિટલ પસંદ કરતી માતાઓ વધુ સમૃદ્ધ, શિક્ષિત અને સારા પોષણવાળી હોય છે. તેમ છતાં તેમના બાળકોનું જોખમ વધુ છે. તેનું મુખ્ય કારણ એ છે કે પ્રાઈવેટ હોસ્પિટલો વધુ કમાણીના લોભમાં બિનજરૂરી મેડિકલ ઈન્ટરફિયરન્સ કરે છે.કોઈ જિલ્લાની સરહદની બંને બાજુએ આવેલા ગામો, જે સામાજિક-આર્થિક રીતે સમાન છે, પરંતુ વહીવટી અંતરને કારણે અલગ-અલગ હોસ્પિટલો પર નિર્ભર છે, ત્યાં નવજાત શિશુના મૃત્યુદરમાં મોટો તફાવત છે.જયાં પ્રાઈવેટ હોસ્પિટલો સુધી પહોંચ સરળ હોય છે, ત્યાં ડિલિવરીનો ઝુકાવ ૮% વધુ પ્રાઈવેટ કેન્દ્રો તરફ થઈ જાય છે અને તેની સાથે નવજાત શિશુના મૃત્યુ ૧૦૦૦ દીઠ ૧૧ સુધી વધી જાય છે.આ તફાવત માતાઓના સ્વાસ્થ્યની સ્થિતિથી નહી, પરંતુ પ્રાઈવેટ હોસ્પિટલોમાં થતી ખોટી પ્રક્રિયાઓથી પેદા થાય છે. બિહારના ખાનગી કેન્દ્રોમાં બાળકને જન્મના તરત જ પછી માતાથી અલગ કરવાની દર યુપી કરતાં પણ વધુ છે.

# આંખની રેટીનાને થોડી દૃષ્ટિ આપશે 'પ્રાઈમા' ઉપકરણ

### અમેરિકાની સ્ટાન ફોર્ડ યુનિનાં વૈજ્ઞાનિકોએ પ્રાઈમા વિકસાવ્યું

ન્યુયોર્ક, તા. ૨૫

આંખોમાં નાનકડો ઈમ્પ્લાન્ટ અને હાઈ-ટેક ચશ્માં હવે એવી વ્યક્તિઓને ફરી વાંચવામાં મદદ કરશે, જેઓ ગંભીર રીતે દ્રષ્ટિ ગુમાવી ચૂક્યાં છે. અમેરિકાનાં સ્ટાનફોર્ડ યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકોએ ઈૈંસ્છ નામનું એક ખાસ ઉપકરણ બનાવ્યું છે, જે આંખની રેટિના પર લાગશે અને થોડી દ્રષ્ટિ ફરીથી અપાવવા મદદ કરશે.

વધુ વયનાં લોકોમાં જોવા મળતી એજ-રિલેટેડ મેક્યુલર ડિજનરેશન (AMD) નામની આંખની બીમારીમાં રેટિના વચ્ચેનાં પ્રકાશ સંવેદક કોષો ધીમે ધીમે નબળાં થઈ જાય છે. તેનું ચોક્કસ કારણ જાણીતું નથી, પરંતુ આ બીમારીમાં વ્યક્તિનો મધ્ય ભાગની નજર ઓછી થઈ જાય છે એટલે વાંચવામાં અથવા ચહેરા ઓળખવામાં મુશ્કેલી પડે છે. દવાઓથી તેનો સંપૂર્ણ ઉપચાર થઈ શકતો નથી.

છસ્ઢની ગંભીર સ્થિતિ જિયોગ્રાફિક એટ્રોફીમાં થોડું પરિફેરલ વિઝન રહે છે અને કેટલાક રેટિના ન્યુરોન્સ કામ કરતાં રહે છે. આ જ ક્ષમતા ઉપયોગમાં લઈને PRIMA ઉપકરણ બનાવાયું છે. આ ઉપકરણમાં ચશ્માં પર લગાડેલા નાના કેમેરા આસપાસનું દૃશ્ય પકડી લે છે અને

અનુસંધાન પાના ૭ પર

# આઈએનએસ મહે એન્ટી સબમરીન યુદ્ધ જહાજ નૌકાદળમાં સામેલ કરાયું

## સાઈલન્ટ હંટર દુશ્મનની સબમરીનને દુરથી ઓળખીને ટોપીંડો મારફતે પ્રહાર કરશે

મુંબઈ, તા. ૨૫

ભારતીય નૌકાદળની પ્રહારક અને સંરક્ષક ક્ષમતા વધારવા એક બાદ એક નવા યુદ્ધ જહાજો નેવીમાં સામેલ કરવામાં આવી રહ્યા છે તેમાં હવે દેશની સર્વપ્રથમ સ્વદેશી સબમરીન વિરોધી યુદ્ધ જહાજ જેને સાઈલન્ટ હંટર તરીકે પણ ઓળખવામાં આવે છે તે આઈએનએસ મહે ને સામેલ કરવામાં આવ્યું છે.



આ એન્ટીસબમરીન વોર ફેર શેલોવોટર ક્રાફટ એ નૌકાદળને મળતા જ દેશની જળસુરક્ષામાં મોટી સફળતા મળશે અને તેની લડાયક ક્ષમતા પણ વધશે. પશ્ચિમી નૌસેનાના કમાંડર ઈન ચીફ વાઈટ એડમીરલ કૃષ્ણ સ્વામીનાથન તરફથી આયોજીત આ સમારોહમાં ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી પણ સામેલ હતા. આઈએનએસ માહે એ પાણીનુ લડાયક વિમાન પણ ગણવામાં આવે છે .અને તે અત્યંત ઝડપથી હુમલો કરી શકે છે તેથી તેને ચપળ અને મૌન શિકારી તરીકે ઓળખવામાં આવે છે તેની ૮૦ ટકાથી વધુ સામગ્રી ભારતમાં જ તૈયાર કરવામાં આવી છે અને તે દેશના પશ્ચિમી ક્ષેત્રમાં સુરક્ષા માટે મહત્વની ભૂમિકા ભજવશે. આ યુદ્ધ જહાજ તેના ફાયર પાવર અને ઘાતક ટેકનોલોજી તેમજ ઝડપ માટે અત્યંત જાણીતી છે.

અનુસંધાન પાના ૭ પર

# વિવાદ વચ્ચે જોનિસબર્ગમાં જી-૨૦ શિખર પરિષદ સમાપ્ત

### આગામી પરિષદનું પ્રમુખ પદ અમેરિકાને સોંપવા દક્ષીણ આફ્રિકાનો ઈન્કાર

જોનિસબર્ગ, તા. ૨૫

દક્ષિણ આફ્રિકાના શહેર જોનિસબર્ગમાં મળેલી જી-૨૦ બેઠક ડિપ્લોમેટીક વિવાદ સાથે પૂરી થઈ છે આ આગામી વર્ષે યોજાનારી શીખર પરિષદમાં અમેરિકાને પ્રમુખ પદ સુપ્રત કરવાનું હતું પરંતુ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ આ બેઠકમાં અમેરિકામાં અત્યંત જુનીયર ડિપ્લોમેટને મોકલતા તેના વિરોધમાં પ્રેસીડેન્સી અમરેકાનિે સોંપવાનો ઈન્કાર કરી દીધો હતો.

અગાઉ જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણ આફ્રિકામાં ગોરા લોકો સામે અત્યાચાર થઈ રહ્યા છે તેવા આક્ષેપ સાથે જી-૨૦નો બહિષ્કાર કર્યો હતો અને રશિયાના પ્રેસિડેન્ટ પુતિન અને ચીનના રાષ્ટ્રવડા શી જિનપીંગ પણ હાજર ન હતા.

જી-૨૦ની શીખર પરિષદ અત્યંત મહત્વહીન થઈ ગઈ હોય અમેરિકામાં ફલોરીડામાં આ શીખર પરિષદ યોજવાની જાહેરાત પણ કરી દીધી હતી અને દક્ષિણ આફ્રિકાએ પ્રેસિડેન્સી ન સોંપતા હવે નવો વિવાદ સર્જાયો છે.

# ઈથોપિયાના જવાળામુખીની રાખના વાદળા દિલ્હી પહોંચ્યા

### ૧૫ કિમીની ઉંચાઈએ રાખ અને સલ્ફરના વાદળો રાજસ્થાનથી ગુજરાત પહોંચશે

નવી દિલ્હી, તા. ૨૫

ઈથોપિયામાં લગભગ ૧૨ હજાર વર્ષ પછી હેલી ગુબ્બી જવાળામુખીમાં રવિવારે થયેલા પ્રચંડ વિસ્ફોટ બાદ તેની રાખ અને સલફર ડાયોકસાઈડના વાદળો ૧૫ કિલોમીટર સુધી ઉંચે ગયા બાદ હવે યમન અને ઓમાન થઈને આગળ વધી ગયા છે અને તે ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ દિલ્હી પહોંચી ગયા હતા અને ૧૩૦ કિલોમીટરની ઝડપે આગળ વધી રહેલા આ રાખના વાદળો ઉત્તર પશ્ચિમ ભારત થઈને ગુજરાત સુધી પહોંચવાની તૈયારીમાં છે જેના કારણે ઉત્તર ભારતથી લઈ પશ્ચિમ ભારતમાં અનેક વિમાની સેવાઓને અસર થઈ છે અને દિલ્હીથી અનેક ફલાઈટ કેન્સલ કરવામાં આવી રહી છે.

વેધર મોનિટરિંગ ટીમના જણાવ્યા મુજબ રાખના આ વાદળો પશ્ર્ચિમ રાજસ્થાનમાં દાખલ થઈ રહ્યા છે અને ત્યાંથી જોધપુર, જેસલમેરથી આગળ વધીને છેક દિલ્હી સુધી પહોંચી ગયા બાદ બીજા એક ભાગમાં તે ગુજરાત ભણી આવી રહ્યા છે. દિલ્હી પહોંચેલા આ રાખના વાદળો આજે રાત્રે પંજાબ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હિમાચલ પર પણ પહોંચશે. આમ, અડધા ભારતને આ રાખના વાદળો અસર કરી શકે છે.

ભારતના ડિરેકટર જનરલ ઓફ સિવિલ એવિએશનની એડવાઈઝરી મુજબ ભારત ઉપરથી પસાર થઈ રહેલા આ રાખના વાદળોની ઉંચાઈ વધુ હોવાથી ટેક ઓફ અને લેન્ડિંગમાં કોઈ ખતરો નથી પરંતુ જો કોઈ વિમાન રાખના સંપર્કમાં આવે તો તેની એન્જિન વગેરેની

કામગીરીને અસરી થઈ છે અને

અનુસંધાન પાના ૭ પર

# આઈએમઈઆઈ નંબર સાથે ચેડા થયેલા ડીવાઈસનો ઉપયોગ જોખમી

### તમારા નામે ઈસ્યુ થયેલ સિમ કાર્ડનો ખોટો ઉપયોગ થયો તો તમે જવાબદારઃ ડીઈઓ

નવી દિલ્હી, તા. ૨૫

જો કોઈ વ્યકતિના નામે લેવામાં આવેલ સિમ કાર્ડનો ઉપયોગ સાઈબર ઠગાઈ કે બીજી ગેરકાનુની ગતિવિધીમાં થાય છે તો તેના માટે તે સિમના માલિકને પણ તેના માટે જવાબદાર ઠેરવવામાં આવી શકે છે. દુરસંચાર વિભાગ (ડીઈઓ)એ સોમવારે એક અધિકૃત નિવેદનમાં આ વાત જણાવી હતી.

વિભાગે નાગરીકોને સલાહ આપી છે કે તેઓ સાવધાન રહે અને એવા કોઈપણ મોબાઈલનો ઉપયોગ ન કરે જેના આઈએમઈઆઈ નંબર સાથે ચેડા કરવામાં આવ્યા હોય વિભાગે આવી ડિવાઈસ ખરીદવા કે તેના ઉપયોગ કરવા સામે પણ ચેતવણી આપી છે.જેનો આઈએમઈઆઈ નંબર બદલી શકાય છે. અથવા તેની સાથે ચેડા થયા હોય, જેમ કે મોડેમ, મોડયુલ કે સિમ બોકસ આ ઉપરાંત બોગસ દસ્તાવેજો, છેતરપીડી કે કોઈ અન્યના નામે સિમ કાર્ડ લેવા અને પોતાના નામે લેવામાં આવેલ સિમને કોઈ બીજી વ્યકિતને આપવા સામે પણ ચેતવવામાં આવ્યા છે. કારણ કે તે તેનો ખોટો ઉપયોગ કરી શકે છે.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે લોકોને એ ખબર હોવી જોઈએ કે ચેડા કરવામાં આવેલ આઈએમઈઆઈ નંબરવાળા ડિવાઈસનો ઉપયોગ કરવો છેતરપીડીથી સિમ કાર્ડ લેવુ કે પોતાનું સિમકાર્ડ બીજાને આપવું, ગંભીર કાયદાનાં પરિણામોનું કારણ બની શકે છે.જે કેસમાં કોઈના નામે લેવામાં આવેલ સિમનો બાદમા ખોટો ઉપયોગ થાય છે તો અસલી

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો
તથા સુરત જિલ્લા માટે
ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫




# વોર્ડ નં.૨૫માં ૨.૬૪ કરોડના કામનું ખાતમુર્હૂત કરતા સંદીપભાઈ દેસાઈ

## આંતરીક માર્ગો સિમેન્ટ કોક્રિંટના બનાવવામાં આવશે

સુરત, તા.૨૫

લિંબાયત–ઉધના યાર્ડ વોર્ડ નં. ૨૫ના વિકાસ કાર્યો અંતર્ગત અંદાજિત રૂ. ૨.૬૪ કરોડના ખર્ચે આંતરિક માર્ગોને સિમેન્ટ કૉંક્રિટ (R.C.C.) બનાવવા માટેના કાર્યનું ખાતમુહૂર્ત માનનીય ચોર્યાસી (૧૬૮) વિધાનસભાના ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈના વરદહસ્તે યોજાયું.

આ પ્રકલ્પ હેઠળ ચંદ્રલોક સોસાયટી, બજરંગ નગર સોસાયટી, ભક્તિનગર સોસાયટી અને શ્રીજી નગર-૨—કુલ ૪ સોસાયટીઓમાં આંતરિક રસ્તાઓના RCC વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે. કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગર પાલિકા શહેરની તમામ સોસાયટીઓમાં R.C.C. રોડ, ડ્રેનેજ નેટવર્ક, સ્ટ્રીટ લાઈટ જેવી સુવિધાઓનો વ્યાપક વિકાસ કરી રહી છે. સાથે જ ગરીબ વર્ગના બાળકોના અભ્યાસ માટે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના નિર્માણ દ્વારા શિક્ષણ ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ કામગીરી થઈ રહી છે. નાગરિકોના સહકાર અને અધિકારીઓની મહેનતથી સ્વચ્છતા અભિયાનમાં સુરત શહેર દેશનું નંબર વન બન્યું છે, એમ તેમણે ઉમેર્યું. આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટરો શ્રી વિક્રમ પાટીલ, ભૂષણ પાટીલ, કાંતાબેન વાકોડીકર, કવિતાબેન એનાગંડુલા, વોર્ડ પ્રમુખ હેમંત મરાઠે, મહામંત્રી રાપોલું બચ્ચિરામુલુ, નીતિન શિમ્પી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય શ્રી સંજય પાટીલ, માજી પ્રમુખ રાજુ સુરતી, અનિલ સોનકુસુરે, પ્રકાશ માસ્તર, કિરીટ મૈસુરિયા, રમેશ રંગૂનવાલા, એમ.કે. પરમાર, મેકલા શ્રીરામુલુ, રાજુ પટેલ, અરુણાબેન ઠક્કર, રમેશ યાદવ તથા વોર્ડના સક્રિય કાર્યકર્તાઓ અને સોસાયટીઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાંધીએર ગામની દિકરી ઈશા પટેલે ડોકટર બની

## ઓલપાડના સાંધીએર ગામનું ગૌરવ

સુરત, તા.૨૫

ઓલપાડ તાલુકા ના સાંધીએર ગામ ની તળપદા કોળી પટેલ સમાજની દિકરી ઈશા કમલેશભાઈ પટેલે આર્યુવૈદિક ડોકટર ની ડિગ્રી હાંસલ કરી પરિવારનું નામ રોશન કરી ગામના ગૌરવમાં વધારો કર્યો છે.જેના પગલે તાલુકાના સમાજના અગ્રણીઓએ દિકરી ઈશાને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ અને શુભેચ્છાઓ આપી અભિનંદન પાઠવ્યા છે.



વિગત મુજબ સાંધીએર ગામના વતની અને હાલ જહાંગીરપુરા મુકામે રહેતા શિક્ષક દંપતિ કમલેશ ઈશ્વરભાઈ પટેલની દીકરી ઈશા પટેલે સફળતાના ત્રણ સોનાના સ્તંભ એવા પરિશ્રમ,સંયમ અને આશીર્વાદથી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર જોડાણ ની આર.એમ.ડી.કોલેજ વાઘલધારા માંથી બી.એ.એમ. એસ.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે,ઈશા પટેલના પિતા કમલેશ પટેલ સુરત શહેરની એક ખાનગી હાઈસ્કૂલ માં શિક્ષક છે અને માતા શ્રીમતી વૈશાલીબહેન સુરત મહાનગર શિક્ષણ સમિતિ સંચાલિત શાળામાં શિક્ષિકા તરીકે સેવા બજાવે છે.

# નવા ચાર લેબર કોડના વિરોધમાં ટ્રેડ યુનિયન કાઉન્સિલનું આંદોલન

## આવતી કાલે કાળો દિવસ મનાવી કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કરાશે

સુરત, તા.૨૫

કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરાયેલા કામદાર વિરોધી " ૪ નવા લેબર કોડ"ના વિરોધમાં રાષ્ટ્રીય સ્તરે વિરોધ કરવામાં આવશે વિરોધમાં સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલ પણ જોડાશે અને તારીખ -૨૬મી નવેમ્બર, બુધવારના રોજ " કાળો દિવસ" તરીકે ઉજવશે.

સુરત ટ્રેડયુનિયન કાઉન્સીલની મીટીંગ તારીખ -૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મળી હતી ,વર્તમાન સમયમાં જે રીતે કેન્દ્ર સરકાર દ્વારા તમામ લેબર કાયદાઓ રદ કરીને ચાર લેબર કોડ પસાર કરવામાં આવ્યા છે ,જુના લેબર કાયદાઓ આઝાદી વખતની કામદાર ચળવળો માંથી દેશના કામદાર વર્ગે પોતાના અધિકારો માટે સંઘર્ષ કરીને પસાર કરાવેલા હતા ,અને તેથી જુના કાયદાઓ દેશના કામદાર વર્ગને રક્ષણ આપતા હતા જ્યારે નવા પસાર કરાયેલા ચાર લેબર કોડમાં મજૂરોની જગ્યાએ માલિકોના અધિકારોની વાત કરવામાં આવી છે, આ દેશની ટ્રેડ યુનિયન ચળવળ અને મજૂર અધિકારો પર ખૂબ જ મોટી તરાપ છે , આ કોડ પારિત થતાની સાથે દેશનો મજૂર વર્ગ ફરી ગુલામી તરફ ધકેલાઈ જશે , કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલું આ પગલું સંપૂર્ણ પણે કામદાર વિરોધી અને માલિકો-ઉદ્યોગપતિઓની તરફેણનું અને હોવાથી તારીખ -૨૬/૧૧/ ૨૦૨૫,બુધવારના રોજ તમામ કેન્દ્રીય યુનિયનો સહિતના સ્થાનિક સંગઠનો બપોરે -૧૨ કલાકે કલેક્ટર કચેરી ખાતે સૂત્રોચારો કરી , વિરોધ નોંધાવી આ ચાર લેબર કોડ રદ કરી જુના લેબર કાયદાઓ બહાલ કરવાની માંગણી સાથે આવેદન પત્ર આપશે. ઈન્ટુક, આઈટૂક, સીટુ , બેંક, એલ.આઈ.સી, એ. આઈ. સી સી. ટી. યુ, આજીવિકા ટ્રસ્ટ , જીસ્ક્ઝ ના યુનિયનો, શિક્ષક સંઘ સહિતના યુનિયનોના પ્રતિનિધિઓ એ આજની મિટિંગમાં ભાગ લીધો. સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલ તમામ સંગઠનોને અપીલ કરે છે કે આ કાર્યક્રમમાં વધુમાં વધુ સંખ્યામાં લોકો ભાગ લે અને જે લોકો પ્રત્યક્ષ રીતે આ કાર્યક્રમમાં હાજર ન રહી શકે તેઓ તેમના ઓફિસોમાં અને કામની જગ્યાઓએ કાળી પટ્ટી બાંધીને નવા ચાર લેબર કોડ નો વિરોધ નોંધાવે તથા લંચબ્રેક ના સમયે પોતપોતાના કામના સ્થળે દેખાવો કરીને નવાચાર લેબર કોડ નો વિરોધ નોંધાવે.

# સુરત કોંગ્રેસ દ્વારા ચૂંટણી ફોર્મનું વિતરણ શરૂ કરાયું

## તા.૧૫મી ડિસેમ્બર સુધીમાં ફોર્મ ભરી દેવા સૂચના

સુરત, તા.૨૫

આગામી સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવા ઈચ્છતા દાવેદારો માટે સુરત શહેર કોંગ્રેસ દ્વારા ફોર્મ વિતરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેને ખુબ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આજથી શરૂ થયેલી ફોર્મ વિતરણની પ્રક્રિયા આગામી ૧૦મી ડિસેમ્બર સુધી યથાવત રહેશે તેમજ ફોર્મ કરવાની અંતિમ તિથિ ૧૫મી ડિસેમ્બર રહેશે. એ જ દિવસે ફોર્મ જમા કરવાની અંતિમ તિથિ રહેશે એમ સુરત શહેર કોંગ્રેસના પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ અખબારી યાદીમાં જણાવ્યું છે. પ્રથમ દિવસે જ કાર્યાલય પર દાવેદારોની મોટી કતાર લાગી હતી જેને પગલે ટપોટપ ફોર્મ વિતરણ થઈ ગયા હતા. ફોર્મ વિતરણ કરવાની પ્રક્રિયામાં સેવાદળના પ્રમુખ શ્રી સંતોષ પાટીલ, જમાલ સૈયદ, ઈમરાન પઠાન, વિકી મિસ્ત્રી, વિનોદ પારડીવાલા સેવા આપી રહ્યાં છે.



# ચેમ્બર દ્વારા આયોજીત સીટેક્ષ એક્ષ્પો-૨૦૨૫માં એકઝીબીટર્સને જબરો પ્રતિસાદ

## આગામી છ મહિનામાં ટેક્ષ્ટાઇલ મશીનરીમાં આશરે રૂપિયા ૨૦૦૦ કરોડથી વધુના કેપીટલ ઇન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના

સુરત, તા.૨૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુકત ઉપક્રમે તા. ૨૨, ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સુરત ટેક્ષ્ટાઈલ મશીનરી એક્ષ્પો 'સીટેક્ષ–૨૦૨૫' યોજાયું હતું, જેને સુરત ઉપરાંત આખા દેશમાંથી જુદા જુદા રાજ્યોના વિવિધ શહેરોમાંથી બાયર્સ અને વિઝીટર્સનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સીટેક્ષ એક્ષ્પો– ૨૦૨૫ સુપર હીટ રહયો હોવાના ફીડબેક એકઝીબીટર્સ તરફથી મળ્યાં હતાં. તમામ એકઝીબીટર્સ દેશના વિવિધ રાજ્યોના શહેરોમાંથી આવેલા બાયર્સ સમક્ષ ખૂબ જ સારી રીતે અત્યાધુનિક મશીનરીઓ પ્રેઝન્ટ કરી શકયા હતા અને તેઓને નવા બાયર્સ પણ મળ્યા હતા. દેશના વિવિધ ખૂણેથી આવેલા જેન્યુન બાયર્સ સાથે એકઝીબીટર્સે વન ટુ વન મિટીંગો કરી હતી, જેમાં બાયર્સે એકઝીબીટર્સને ઘણા સારા ઓર્ડર્સ આપ્યા હતા.

આ ઉપરાંત, લેટેસ્ટ ટેકનોલોજીની અદ્યતન ટેક્ષ્ટાઈલ મશીનરીઓ તેમજ એન્સીલરીઓ માટે જે મહત્વની ઈન્કવાયરી એકઝીબીટર્સને જનરેટ થઈ છે તેનું એનાલિસિસ કરવામાં આવે તો આગામી છ મહિનામાં ટેક્ષ્ટાઈલ મશીનરીઓમાં આશરે રૂપિયા ૨૦૦૦ કરોડથી વધુના કેપીટલ ઈન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. કારણ કે, સીટેક્ષ એક્ષ્પોમાં ભારતમાં બનેલી અદ્યતન ટેક્ષ્ટાઈલ મશીનરીઓની સાથે સાથે અન્ય ટેકનોલોજીની અદ્યતન ટેક્ષ્ટાઈલ મશીનરીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સીટેક્ષ એકઝીબીશન્સમાં પ્રથમ દિવસે જ ૯૪૫૦ બાયર્સ, બીજા દિવસે ૧૫૩૮૦ બાયર્સ અને સોમવારે ત્રીજા દિવસે ૧૦૮૮૮ વિઝીટર્સ આ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

# ગરીબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન દ્વારા વધુ એક મેડીકલ શિબિર

## આરોગ્ય કેમ્પનો ૧૫૦થી વધુ લોકોએ ભાગ લીધો

સુરત, તા.૨૫

ગરીબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન (GNRF) દ્વારા આજે નાલિયા મેમણ જમાતખાના ખાતે મફત મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પેટના રોગો, ઝાડા, ઊલટી, તાવ, ગેસ, એસિડિટી, શરદી, ખાંસી, એલર્જી, આંખ અને દાંત સહિત તમામ પ્રકારની પ્રાથમિક સારવાર મફતમાં આપવામાં આવી હતી.

કેમ્પમાં ડૉ. ઉમર ફરુક મિસ્ત્રી (BAMS), ડૉ. સકીલ રઝા ખત્રી (BDS), ડૉ. આદિલ રઝા બાદી (BAMS – બાળરોગ નિષ્ણાત) અમિન થેબા (Optician) એ સેવા આપી હતી. આ કેમ્પમાં મફત દવાઓ તેમજ જરૂર મુજબ ચશ્મા આપવામાં આવ્યા હતા. કેમ્પમાં ૧૫૦થી વધુ લોકોએ તબીબી સેવાઓનો લાભ લીધો હતો. નાલિયા મુસ્લિમ સમાજના પ્રમુખ હાજી તકીસા બાવા, નાલિયા મુસ્લિમ યુવા પ્રમુખ હૈદરસા સૈયદ, અબડાસા સુન્ની હિતરક્ષક સમિતિના પ્રમુખ હાજી સાલેમામદ પડેયાર, એડવોકેટ અનવરભાઈ મંધરા, સમાજસેવી અબ્દુલ સેઠ મેમણ તથા અન્ય અનેક આગેવાનો ધ્ઈહ્નની આ સેવાભાવી કામગીરીની સરાહના કરી હતી.

GNRF દ્વારા ભવિષ્યમાં પણ આવા લાભદાયક મેડિકલ કેમ્પો સતત યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. આ કેમ્પમાં અનવરભાઈ મેમણ, કાસમસા

અનુસંધાન પાના ૭ પર

# વરિષ્ઠ નાગરિકોને આરોગ્ય સંબંધી તબીબી માર્ગદર્શન



સુરત, તા.૨૫

ઈશિતા પાર્ક SMC સિનિયર સિટીઝન હોલ અડાજણ મુકામે શેલ્બી હોસ્પિટલ તરફથી સભ્યો ને તબીબી જાણકારીમાં આપવામાં આવી હતી.

સભા માં ડૉ.રમેશ સુરતી MD.(General Medicine) ડૉ. સુનીલ ચોરડીયા (Spine surgery) તેમજ ડૉ. દર્શન દેવાણી (Orthopedic & joint replacement surgerion) દરેક ડૉક્ટરો એ બિમારી વિશે વિશેષ જાણકારી આપી હતી. સમગ્ર સભા નુ સંચાલન જીગ્નેશ ભાઈએ પ્રમુખ નરેશ મંકોડીવાલા સ્વાગત પ્રવચન કર્યું અને ત્રણે ડૉક્ટરો અને સિનિયર સિટીઝન નો આભાર માન્યો હતો. શેલ્બી હોસ્પિટલ તરફથી સભ્યો ને રાહત દરે સારવાર પણ આપવાની જાહેરાત કરી હતી.



# ગઢપુર વિદ્યાલય - પાસોદરામાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

## વાલી-વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા રાજેશ ધામેલિયા

સુરત, તા.૨૫

વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવાથી તે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા મળે છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકના ત્રિવેણી સંગમથી વિદ્યાર્થીઓનું સર્વાંગી ઘડતર કરી શકાય છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને શ્રી ગઢપુર વિદ્યાલય - પાસોદરા, સુરતમાં ધોરણ ૧૦ અને ૧૨માં માર્ચ-૨૦૨૫માં એ-વન અને એ-ટુ ગ્રેડ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓના તેમજ રમતગમત ક્ષેત્રે શાળાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું અને વિદ્યાર્થી-વાલી માર્ગદર્શન પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ સુમધુર પ્રાર્થનાથી કરવામાં આવ્યો. મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. મુખ્ય વક્તા શ્રી રાજેશકુમાર ધામેલિયા, શાળાના ટ્રસ્ટી શ્રી ધીરુભાઈ સવાણી (પૂર્વ ડેપ્યુટી મેયર), શ્રી તળશીભાઈ ડોબરિયા, શ્રી લવજીભાઈ હિહોરિયા, શ્રી બાબુભાઈ ડોબરિયા, મહેમાન શ્રી હેમંતભાઈ ચૌધરી, ભાવિકાબેન માંડાણી (તલાટી કમ મંત્રી - તાલુકા પંચાયત કામરેજ) વગેરેનું સ્વાગત શાળાના સંચાલકશ્રી તેમજ આચાર્યા શ્રીમતી શ્રદ્ધાબેન ઢોલાએ શબ્દપુષ્પથી અને પ્રાથમિક વિભાગના આચાર્યા શ્રીમતી રીકલબેન ગોટી તેમજ અન્ય શિક્ષકોએ પુસ્તક દ્વારા કર્યું.

આ પ્રસંગે મહેમાન શ્રી હેમંતભાઈ ચૌધરી, ટ્રસ્ટી શ્રી ધીરુભાઈ સવાણી વગેરેએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. શ્રી રાજેશકુમાર ધામેલિયાએ જણાવ્યું હતું કે, “આજે વિદ્યાર્થી, વાલી અને શિક્ષકનો ત્રિવેણી સંગમ થયો છે; જે ખૂબ આનંદની વાત છે. અહીં ટ્રસ્ટીશ્રીઓ નિઃસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે, જે વંદનીય છે. વિદ્યાર્થીઓનાં સર્વાંગી ઘડતર માટે સમગ્ર શાળા પરિવાર ભારે જહેમત ઉઠાવે છે, તેનું પ્રતિબિંબ

અનુસંધાન પાના ૭ પર




યુનિવર્સિટીના ઈન્ટિરિયર ડિઝાઈન વિભાગની અંતિમ વર્ષની વિદ્યાર્થીની રાધિકા પરીખે એક નવીન મેટાલિક ચેરનું ડિઝાઈન વિકસાવ્યું છે. જેને પેટન્ટ તરીકે સત્તાવાર રીતે રજીસ્ટર કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ યુનિવર્સિટીના SSIP અને ઈન્કયુબેશન સેન્ટર હેઠળ મળેલા સુવ્યવસ્થિત માર્ગદર્શનથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# ગોડાદરાથી વિશાલ અર્કવંશી ગુમ

સુરત, તા.૨૫

ગોડાદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ઘર નં-૮૮, વિરદર્શન સોસાયટી, પર્વતગામ, ગોડાદરા (મૂળ રહે. ગામ-પેડારા, મુસ્તહકમ, જિ-સિદ્ધાર્થનગર, ઉત્તરપ્રદેશ) ખાતે રહેતા સંજયભાઇ અર્કવંશીના પુત્ર વિશાલ અર્કવંશી ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૫ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ગોડાદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# સચિનથી મમતા રાજપૂત ગુમ

સુરત, તા.૨૫

સચિન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ટાંકી ફળિયું, પંચાયતની પાછળ, વાંઝ ગામ, સચિન (મૂળ રહે. ગામ-બુસી, જિ-પાલી, રાજસ્થાન) ખાતે રહતા ઘનસિંહ રાજપૂતના ૧૯ વર્ષીય પુત્રી મમતા રાજપૂત ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૬ ફૂટ છે. તેમણે કાળી જેકેટ, ગ્રીન ડ્રેસ અને બ્લૂ લેંગીસ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચિન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# બારડોલીથી ઝીલ પટેલ ગુમ

સુરત, તા.૨૫

બારડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં-૨૯, એંકલેવ ધમડોદ, બારડોલી ખાતે રહતા ૨૭ વર્ષીય ઝીલ ધર્મેન્દ્ર પટેલ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા બારડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ઉમરાથી પૂજાબેન અને દિત્યા વિકાશ ગુપ્તા ગુમ

સુરત, તા.૨૫

ઉમરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં.ડી-૯૧૩, સુર્યપ્રકાશ રેસિડેન્સી, અગ્રસેન ભવનની બાજુમાં, ઉમરા (મૂળ રહે. ગામ-જસરાપુર, જિ-જૂંઝનુ, રાજસ્થાન) ખાતે રહેતા વિકાશ ગુપ્તાના ૩૮ વર્ષીય પત્ની પૂજાબેન અને ૩.૫ વર્ષીય પુત્રી દિત્યા વિકાશ ગુપ્તા ગુમ થયા છે. પૂજાબેન શરીરે પાતળા બાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૩ ફૂટ છે. દિત્યા શરીરે પાતળા બાંધાના, ગૌરવર્ણ અને ઊંચાઈ ૨.૫ ફૂટ છે. પૂજાબેને શરીરે લાલ સૂટ પહેર્યો છે. દિત્યા શરીરે ગુલાબી ટી-શર્ટ અને કાળી જીન્સ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉમરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# મહુવા તાલુકામાં વિવિધ રોડ નિર્માણની કામગીરી હાથ ધરાઈ

## પંચાયત માર્ગ અને મકાન વિભાગ-સુરત દ્વારા કામગીરી શરૂ

સુરત, તા.૨૫

પંચાયત માર્ગ અને મકાન વિભાગ-સુરત દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મહુવા તાલુકાના નરડાથી આમચક તરફના રસ્તાની કામગીરી પ્રગતિ હેઠળ છે. રૂ.૫૦ લાખના ખર્ચે તૈયાર થનારો આ રસ્તો નરડા અને આમચક ગામો વચ્ચેનું અંતર ઘટાડતો અગત્યનો રસ્તો છે. અગાઉ આ રસ્તો બનતા પહેલા નરડા ગામના લોકોને આમચક જવા માટે ૭.૫૦ કિ.મી. ફરીને જવું પડતું હતું. જે અંતર ઘટીને હવે માત્ર ૧.૦૦ કિ.મી. જેટલુ થશે. વધુમાં રસ્તો સારી સપાટીનો બનવાથી મુસાફરીનો સમય પણ બચશે. આવી જ રીતે અન્યમ નવા રસ્તાઓ બનતા લોકોને પાકા અને ટકાઉ રસ્તા મળશે તથા ઓછા સમયમાં સરળતાપૂર્વક મુસાફરી કરી શકશે.

# રાંદેર-અડાજણ રાજપૂત સમાજનો લગ્ન પ્રસંગ નિર્ધારીત સમયે સંપન્ન

## સમયનું મૂલ્ય સમજતા પરિવારને રાજપૂત સમાજે અભિનંદન પાઠવ્યાં

સુરત, તા.૨૫

સુરત શહેર રાંદેર-અડાજણ રાજપૂત સમાજ ના વસવાટ કરતા ( મૂળ પરીયા ગામ , તા.ઓલપાડ ના) મહીડા દિલીપ સિંહ ના પરીવાર સમાજ ને નવો રાહ ચિંધ્યો ને સમય નું મૂલ્ય સમજાવ્યું કે દરેક વ્યકિત માટે સમય અતિ મહત્વ નો હોય અને સમય સાથે ચાલવું જેથી દરેક પ્રસંગ દિલીપ ઉઠે અને કંટાળારુપ કે બોજારુપ ન લાગે.



પ્રસંગ સમયે દુષણ નો પ્રભાવ વધ્યો જેથી અનેક કાર્યક્રમ ખૂબ મોડા શરૂ થાય છે.

મોટેભાગે સમય, તારીખ વાર વર્ષ બદલ્યા જાય જેથી મહારાજે આપેલ મહુત નું કોઈ મહત્ત્વ નથી.આવેલ મહેમાન હૃદયમાં મુશ્કેલી તેમજ બોજા નો ભાવ અનુભવે છે.આનંદ કે લાગણી નથી. દિલીપ સિંહ ના પુત્ર ચિં ઝિલરાજસિંહ ના લગ્ન પ્રસંગ હતો.જેમાં દરેક પ્રસંગ સમયસર પૂરા થયા હતા.દરેક પ્રસંગ માં આનંદ નો અનુભવ થયો તેમજ કાર્યક્રમ પૂર્ણ સુધી મહેમાનો ની હાજરી ભરચક હતી કાર્યક્રમ દિપી ઉઠયો. જે સમાજ માટે દિવાદાંડી સાબિત થયો. અને આ પ્રસંગે નવી પેઢી તેમજ તેમના પરીવાર ને દુષણ મુક્ત અને તંદુરસ્ત બને એવી પ્રેરણા આપી છે. આથી સુરત શહેર રાંદેર-અડાજણ જહાંગીરપુરા રાજપૂત સમાજ પ્રસંગ ની નોંધ લઇ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.અને સમાજ ના આવા પ્રસંગો સમાજ તેમજ રાષ્ટ્ર ને તંદુરસ્ત બનાવશે.







# હેંપ ખરેખર!: કૈલાશ પર્વતની ભૌગોલિક રચના ને રહસ્યમયતા છે અદ્ભુત

## પવિત્ર, અદ્ભુત અને આસ્થાના એવરેસ્ટ સમાન કૈલાશ પર્વતનાં વધુ રહસ્યો અચંબિત કરી નાખે એવા છે.

કૈલાશ પર્વતને ધરતીનું કેન્દ્ર કહેવાય છે. એની એક તરફ દક્ષિણ ધ્રુવ ને બીજી બાજુ ઉત્તર ધ્રુવ છે. આ બેઉંની વચ્ચે હિમાલય આવેલો છે. વિજ્ઞાનીઓના મતાનુસાર કૈલાશ પર્વત પૃથ્વીનું કેન્દ્ર છે. યોગાનુયોગ તો જુઓ કે ચાર મુખ્ય ધર્મ હિન્દુ, જૈન, બૌદ્ધ અને શીખ ધર્મમાં ય આનું અદેકરું મહત્ત્વ ગણાય છે. કૈલાશ પર્વત વિશેની અન્ય માન્યતા પણ રસપ્રદ છે. આને એવું અલૌકિક કેન્દ્ર ગણાવાય છે કે જ્યાં દશેય દિશા મળે છે. આને વિજ્ઞાનીઓ 'એક્સિસ મુંડી' (પૃથ્વીની નાભિ કે ધરી) કહે છે, તો અમુક એને ભૌગોલિક ધ્રુવ પણ ગણાવે છે. વળી રશિયન વિજ્ઞાનીઓના મત મુજબ તો જ્યાં સુપર નેચરલ કે અલૌકિક શક્તિનો પ્રવાહ હોય અને જ્યાં તમે એનો સંપર્ક કરી શકો એ સ્થળ એટલે 'એક્સિસ મુંડી'.

કૈલાશ પર્વતનો આકાર એક અતિ વિશાળ પિરામિડ જેવો દેખાય છે, જે ૧૦૦ નાના-નાના પિરામિડ્ઝની વચ્ચે છે. કદાચ એટલે જ આજે ય, આટઆટલી સુવિધા છતાં, કૈલાશ પર્વત અજેય છે. અહીં આજ સુધી કોઈ પર્વતારોહક ચઢાણ કરી શક્યું નથી. જો કે આજકાલ તો અહીં પર્વતારોહણ પર પ્રતિબંધ છે.

ઈતિહાસમાં ખાંખાખોળા કરતાં ૧૧મી સદીમાં તિબેટના બૌદ્ધ સાધુ મિલારેપાએ કૈલાશ પર્વત સર કર્યાનો ઉલ્લેખ મળે છે. આ મિલારેપા અત્યંત સિદ્ધ યોગી, રહસ્યવાદી, કવિ અને સંત હતા. એકદમ સહજ રીતે આધ્યાત્મિક કવિતા અને ગીતો માટે તેઓ આજેય જાણીતા છે. એમનું આ સર્જન 'ધ હન્ડ્રેડ થાઉઝંડ ઑફ મિલારેપા'માં ગ્રંથસ્થ છે. જો કે મિલારેપા જેવા આધ્યાત્મિક સંત કૈલાશ પર્વત સર કરવા વિશે નથી કાઈ બોલ્યા કે નથી કંઈ લખ્યું એ આશ્ર્ચર્યજનક જ ગણાય ને?

કૈલાશની વિશિષ્ટતા ગણાવતા થાકી જવાય એમ છે. અહી બે સરોવર છે. માનસરોવર અને રાક્ષસ તળાવ. માન સરોવર વિશ્ર્વભરમાં શુદ્ધ પાણી આપતું શ્રેષ્ઠતમ તળાવ છે, જેનો આકાર સૂર્ય જેવો છે. રાક્ષસ સરોવર ખારા પાણીનું શ્રેષ્ઠતમ સ્થળ ને આકાર ચંદ્ર જેવો! આ બંનેનો સંબંધ સકારાત્મક અને નકારાત્મક ઊર્જા સાથે જોડાયેલો છે. માનસરોવરની આસપાસ કાયમ ઓમ અને ડમરુંના અવાજ સંભળાય છે. આજ સુધી કોઈ જાણી શક્યું નથી કે આ બંને સરોવર કુદરતી રીતે બન્યા છે કે માનવસર્જિત છે? આટલું જ નહી કૈલાશ પર્વત જ ચાર મહાન નદીઓનું ઉદ્ગમ સ્થાન છે. આ નદીઓ છે બ્રહ્મપુત્ર, સિંધુ, સતલજ અને કરનાલી. અને આ નદીઓમાંથી જ નીકળે છે ગંગા, સરસ્વતી સહિતની નદીઓ.

કૈલાશ પર્વતની ચારે દિશામાં જાનવર-પંખીના મુખ દેખાય છે. જે નદીઓના ઉદ્ગમ કેન્દ્ર છે. પૂર્વમાં અશ્ર્વ, પશ્ર્ચિમમાં હાથી, ઉત્તરમાં સિંહ અને દક્ષિણમાં મોર છે.

કૈલાશ પર્વતની આસપાસના વાતાવરણનો અભ્યાસ કરી ચુકેલા રશિયન વિજ્ઞાનીઓ તિબેટના મંદિરના ધર્મગુરુઓને મળ્યા હતા. આ ધર્મગુરુઓએ જણાવ્યું હતું કે કૈલાશ પર્વતની ચારેય તરફ અલૌકિક શક્તિનો પ્રવાહ હોય છે. એની અંદર આજે ય તપસ્વીઓ આધ્યાત્મિક ગુરુઓ સાથે ટેલિપથીથી સંપર્ક કરી શકે છે.

એક દાવો તો એવો ય છે કે કૈલાશ પર્વત ઉપરના આકાશમાં સાત જાતના પ્રકાશ દેખાય છે. નાસાના વિજ્ઞાનીઓના મતાનુસાર આ વિસ્તારની ચુંબકીય અસરને પ્રતાપે આ રંગબેરંગી લાઈટ દેખાય છે.

કૈલાશ પર્વતને સર કરવાનો ૨૦મી સદીના અંતનો એક અનુભવ જાણવા લાયક છે. બ્રિટિશ પર્વતારોહક હગ ટ્ટુ રુટલેજ અને કર્નલ આર. સી. વિલ્સને આ પર્વત પર પહેલો પ્રવાસ હાથ ધર્યો હતો. બંનેએ અલગ રૂટ-માર્ગ પસંદ કર્યા હતા. બેઉં અઘરા રસ્તા અને આકરા હવામાન વચ્ચે આગળ વધતા હતા, ત્યાં અત્યંત-અસહ્ય ઠંડી અને અનહદ બરફ વર્ષાને લીધે પાછા ફર્યા હતા.

આ ઘટનાના થોડાં વર્ષો બાદ ઓસ્ટ્રેલિયન ભૂસ્તરશાસ્ત્રી અને જાણીતા પર્વતારોહક હર્બર્ટ ટિચીએ કૈલાશ સર કરવાની મંજૂરી માગી તો શું જવાબ મળ્યો? 'માત્ર સંપૂર્ણપણે પાપ-મુક્ત માનવી જ કૈલાશ પર્વતને સર કરી શકે અને આવો કોઈ માનવી પૃથ્વી પર નથી.'

ભગવાન શંકર, માતા પાર્વતી, એમનાં સંતાનો અને નન્દીના ઘર ગણાતા કૈલાશ પર્વત ન જાણે કેટકેટલી શક્તિ અને ભેદ છુપાવીને બેઠો છે. આજની તારીખે કાળા માથાનો કોઈ માનવી કે તેણે વિકસાવેલી ટેક્નિક કંઈ જ કરી શકે એમ નથી.

# દામ્પત્ય સુખની ગુરુચાવીઃ સંતાનને માતા-પિતા બંનેના પ્રેમની જરૂર

પરસ્પરનો વિશ્વાસ અને પ્રેમની ગુરુચાવી દામ્પત્ય સુખનું સ્તંભ હોઈને કેટલાક કિસ્સાઓમાં પત્નીનું ધ્યાન બાળકના જન્મ પછી પતિ તરફથી ખસીને બાળક પર કેન્દ્રિત થાય છે ત્યારે પતિ ચીડાઈ જાય છે.

પુરુષે ધ્યાનમાં રાખવા જેવી એ એક જ વાત છે કે પેલું બાળક પોતાના સફળ સહજીવનના ફળસ્વરૂપે મળેલું હોય છે.એ બાળક જેટલું માનું હોય છે એટલું જ પિતાનું પણ હોય છે, પણ અમુક ઉંમર પછી બાળકને સાચવવાની અને ઉછેરવાની જે કામગીરી સ્ત્રી કરી શકે છે તે પુરુષ કરી શકતો નથી.

-એ જ રીતે નાનપણમાં બાળકને માતાની જાળવણીની જરૂર પડે છે.

-મોટા થયા પછી તેને પિતાના સંસ્કાર અને જાળવણીની જરૂર પડે છે.

-તે રીતે અલગ અલગ તબક્કે અને અલગ અલગ સમયે બાળકને માતાની પણ જરૂર પડે છે અને પિતાની પણ એટલી જ જરૂર પડે છે.

-જેમ પહેલા તબક્કામાં પતિએ પત્નીની બાળઉછેર પ્રવૃત્તિઓમાં શકય એટલા સહકારથી વર્તવું જોઈએ તેજ રીતે બીજા તબક્કામાં પત્નીએ પતિને સાથ આપવો જોઈએ અને આવું થાય તો જ પેલા બે જાણીતા સંવાદો સાંભળવા નહીં મળે:

પહેલો સંવાદઃ

'તેં જ આને ખોટા લાડકોડથી બગાડયો છેપ!' અને બીજા સંવાદમાંઃ

'તમે જ તેની માગણીઓ પૂરી કરી છેપ!'

-આ બંને સંવાદો પ્રેમપૂર્વક બોલાય ત્યાં સુધી વાંધો નથી

આવતો, પણ જ્યારે બાળકને કેન્દ્રમાં રાખી પતિ અને પત્ની સામસામી છાવણીમાં જઈને બેસી જાય ત્યારે ખરેખર અનર્થ થાય છે.

બાળકને માતા અને પિતા બંનેના પ્રેમની જરૂર હોય છે.

તેના ઘડતરમાં બંનેનો ફાળો હોય છે.

એ ફાળો જ્યારે બંને પક્ષો સંપૂર્ણ કર્તવ્ય-નિષ્ઠાથી બજાવે છે ત્યારે ચમત્કારિક પરિણામો જોવા મળે છે.

-એક સંવાદ અહીં ટાંકવા જેવો છે.

-પત્ની પોતાના પતિને પૂછે છેઃ

'તમે તમારા લાડકાને એક સાથે પંદર હજાર રૂપિયા કેમ આપી દીધા? આટલા બધા પૈસા તે અવળે માર્ગે પણ ખર્ચી નાખી શકેપ!'

-પતિ હસીને કહે છે કે,

'તેને અવળે માર્ગે જવું હોય તો વગર પૈસે પણ જઈ શકે છે. હમણાંના યુવકો કોઈ બંધનમાં માનતા નથી. આ તો આપણા પુત્રે મને એમ કહ્યું કે, 'મારે ધંધો કરવો છે' તે માટે તેને ઓછામાં ઓછા પંદર હજાર જોઈએ, એટલે તરત જ મેં ચેક આપી દીધો કોઈ પારકાને તો આપી દીધા નથી. તેના બાપના પૈસા છે. તે ઉડાડી મૂકશે તો પણ મને નિરાંત રહેશે. કારણ કે, ભવિષ્યમાં એ માગી શકશે નહીં અને ધંધો કરી કમાણી કરશે તો તને અને મને તેના ભવિષ્ય માટે કોઈ ચિંતા રહેશે નહીં. પંદર હજારની મામૂલી રકમમાં આ સોદો ખોટમાં નથીપ!

-'હિન્દીમાં એક કહેવત છેઃ 'તખતિયા યા તખતા.' તખત એટલે રાજ સિંહાસન અને તખતા એટલે ફાંસીનો માંચડો. એ બે વચ્ચે પસંદગી આપણા દીકરાએ કરવાની છે.

-'ધારો કે અત્યારે તે સમજપૂર્વક ધંધો કરે અને છતાં અનુભવના અભાવે તે પંદરે પંદર હજાર ગુમાવી દે તો પણ એને સરવાળે લાભ જ થવાનો છે. આ અનુભવના આધારે તે બીજી વાર ભૂલ નહીં કરે. ભૂલ કરવાની જેને તક મળે છે તેને જ સુધરવાનો અવકાશ પણ હોય છે.


'માણસ ભૂલ જ ન કરે તો તે સુધરે ક્યારે?'

-પતિના મુખે આવું લાંબું ભાષણ સાંભળી મનમાં ને મનમાં પત્ની પણ હરખાઈ જાય છે, પણ તે પોતાનો હર્ષ વ્યક્ત થવા દેતી નથી.

-તેને એક વાતનો આનંદ છે કે યોગ્ય અનુભવ મેળવવા થોડા પૈસા વેડફીને પણ જો પુત્રને સાચી દિશા જડતી હોય અને પિતાને તેની સામે વાંધો ન હોય તો તેનાથી વધારે રૂડું શું હોઈ શકેપ?

-વ્હાલી 'લાડકી'ની બહેનો! આ સંસાર કથા માટે તમારો અભિપ્રાય પ્રોત્સાહિત બની રહેવા પામશે.

# વાળ સમસ્યા અને 'શિરોધારા'



સકેશ અને સમગ્ર શરીરનાં સૌંદર્યમાં 'તાજ' સમાન છે. વાળ ન હોય તેને વાળની ખરી કિંમત પૂછી જુઓ! તો ખબર પડશે કે, તે પોતાનાં કેશ માટે કંઈ પણ કરવા તૈયાર હશે ! આજ-કાલ વાળ ખરવા, વાળમાં નાની ઉંમરમાં ટાલ દેખાવા લાગવી, અકાળે વાળ સફેદ થઈ જવા, વાળ ખૂબ જ બરછટ થઈ જવા, વાળમાં ઉંદરી જેવા રોગો થવા આ બધી સમસ્યાઓ નાની ઉંમરની વ્યક્તિઓમાં પણ ખૂબ જ વધી ગઈ છે. પરંતુ જો આ સમસ્યા પર થોડું ધ્યાન આપીને વાળની થોડી સરખી પણ માવજત કરવામાં આવે તો, વધતી ઉંમરે પણ આ સમસ્યાઓથી અવશ્ય બચી શકાય છે. આજે વાળનાં કેટલાંક રોગો અને વાળની સમસ્યામાં ઉપાયો વિશે હું જાણકારી આપવાની વાળનો એક અતિ જાણીતો રોગ કે જેમાં માથામાંથી વાળ નીકળી જવા અને વચ્ચે-વચ્ચે સિક્કા જેવા ચકામા થઈ જવા આ રોગ આજ - કાલ ખૂબ જોવા મળી રહ્યો છે. આ રોગને આયુર્વેદમાં ''ઉંદરી'' નામથી ઓળખવામાં આવે છે. આ રોગ શરૂઆતમાં કાબૂમાં આવી જાય તો ખાસ કંઈ વાંધો આવતો નથી પણ એકવાર તે વધી ગયા પછી તેની સારવારમાં ખૂબ સમય લાગે છે,આ રોગને આયુર્વેદમાં ''ઉંદરી'' નામથી ઓળખવામાં આવે છે. આ રોગ શરૂઆતમાં કાબૂમાં આવી જાય તો ખાસ કંઈ વાંધો આવતો નથી પણ એકવાર તે વધી ગયા પછી તેની સારવારમાં ખૂબ સમય લાગે છે, આ રોગમાં માંથમાંથી વાળ તો નીકળે છે. પણ સાથે સાથે ઘણીવાર પુરૂષ દર્દીઓમાં દાઢી અને મૂછનાં વાળ પણ નીકળવા લાગે છે. ઉંદરી એ વાળ ઉપરાંત ચામડીનો રોગ પણ છે એટલે કે, સ્કિનનાં રોગ માટેની દવા પણ 'ઉંદરી'માં શરૂ કરવી પડે છે. આજે 'ઉંદરી' માટે કેટલાંક ઘરગથ્થુ પ્રયોગો સૂચવું છું જે વાંચકમિત્રોને ઘણાં જ ઉપયોગી સિદ્ધ થશે.

(૧) ઉંદરી રોગમાં જે ભાગ પરથી વાળ ખરી ગયા હોય ત્યાં પરવરનાં પાનનો રસ દિવસમાં બે વાર લગાવવો. આ પ્રયોગથી ઉંદરી તો મટે જ છે, ઉપરાંત ઉંદરીવાળા ભાગ ઉપર નવા વાળ આવે છે, અને વાળ વધે પણ છે.

(૨) ઘોડાવજને પાણીમાં ઘસી ઉંદરી ઉપર લગાવવો. આ પ્રયોગથી પણ ઉંદરીમાં ઘણો જ લાભ થશે. ઔષધ પ્રયોગમાં ગંધક રસાયનનો બે ગોળી બે વાર સવાર-સાંજ લેવી. તેમજ ભૂખ્યા પેટે સવારે મહામંજીષ્કાદિ કવાથ ૧૦ મિ.લી. જેટલો લેવો.

દાઢી, મૂછનાં જતા રહેલાં વાળ પાછા લાવવા માટે જેઠી મધ ૧૦ ગ્રામ, લીલાઆમળાં ૧૦૦ ગ્રામ વાટીને તેમાં તલનું તેલ એક શેર અને દૂધ એક શેર જેટલુ મેળવીને ધીમા તાપે ઉકાળવું, માવા જેવું થાય ત્યારે એક શેર પાણી નાંખીને ફરી ઉકાળવું. પાણી બળી જાય પછી તેલ ગાળી લેવું. આ તેલથી વાળ નીકળી ગયા હોય ત્યાં માલિશ કરવી.

હવે, વાળને ખરતાં અટકાવવા માટેનાં કેટલાંક ઘરગથ્થુ સરળ પ્રયોગો જોઈએ. જેમાં :

(૧) જો વાળ ખૂબ જ ખરતાં હોય તો દીવેલ ગરમ કરી વારંવાર લગાડવું, આથી વાળ ખરતાં અટકી જશે.

ઘણીવાર નાની ઉંમરમાં વાળ સફેદ થઈ જતાં હોય છે. તે માટે આમળા, કાળાતલ ભાંગરો અને બ્રાહ્મી સરખા ભાગે લઈ ચૂર્ણ બનાવી લેવું. આ ચૂર્ણ એક-એક ચમચી સવાર- સાંજ લેવુ જેથી જુવાનીમાં ધોળા થતાં વાળ ધીરે ધીરે પાછા કાળા થાય છે. વળી, ઘઉંના કુમળા છોડના મૂળિયાં વાટીને લેપડી બનાવવી. જેને રાત્રે વાળ ઉપર લગાવવી. ત્રણ-ચાર દિવસ આ પ્રયોગ કરવો. આમ કરવાથી સફેદવાળમાં ધીરે ધીરે કાળાશ આવવા લાગશે.

આ ઉપરાંત વાળ વધારવા માટે અને કાળા કરવા માટે બીજો એક આયુર્વેદીક પ્રયોગ બતાવવું છું. જેમાં ૧૦૦ ગ્રામ આમળાને ૫૦૦ ગ્રામ પાણીમાં ૭ દિવસ સુધી પલાળી રાખવાં. તેમાં ૨૦૦ ગ્રામ ઘી નાખી ધીમા તાપે પકવવું, આ ઘી ગાળીને માથામાં નાખવું જેથી ધીમે ધીમે વાળ કાળા થવા લાગશે. આજકાલ નાના બાળકોમાં જૂ-લીખ વગેરની સમસ્યાઓ પણ ખૂબ જોવા મળે છે. તો તે માટે પણ કેટલાંક સફળ પ્રયોગો સૂચવું છું.

(૧) જેમાં ચણાને છાશમાં પલાળી રાખવા. ચણાં પોચા થઈ જાય ત્યારે માથામાં મસળવાં ૨- કલાક પછી માથું ધોવાથી માથામાં થયેલ ખોડો-જૂ-લીખ વગેરે મટી જાય છે.

(૨) કાંદાનો રસ માથામાં પાંથીએ- પાંથીએ ભરવાથી પણ જૂ મરી જાય છે.

(૩) વળી, લીમડાનાં પાનને પાણીમાં વાટી તે પાણીથી માથુ ધોવાથી ખોડાની સમસ્યામાંથી છૂટકારો મેળવી શકાય છે.આ સાથે વાળની દરેક પ્રકારની સમસ્યાનું એક અચૂક સમાધાન હોય તો તે છે, ''શિરોધારા'' આયુર્વેદની આ પદ્ધતિમાં વાળનાં દરેક પ્રકારનાં રોગો માટે ''રામબાણ'' ઈલાજ સાબિત થઈ શકે છે. આ પદ્ધતિમાં વાળના રોગો મુજબ અલગ અલગ ઔષધયુક્ત તેલથી એક નિશ્ચિત સાધનની મદદથી માથા ઉપર તેલની ધારા કરવામાં આવે છે. આ શિરોધારાથી વાળનાં જુદા જુદા રોગો તો મટે જ છે, ઉપરાંત વાળનું મોઈશ્ચર પણ વધે છે. વાળ સુંદર, ઘાટા અને ચમકીલાં બને છે. વળી શિરોધારાથી મસ્તિષ્કમાં રક્તપરીભ્રમણ વધવાથી જ્ઞાનતંતુઓ શાંત થાય છે, જેથી અનિંદ્રા, ડિપ્રેશન વગેરે રોગોમાં પણ ઘણો જ ફાયદો થાય છે. આ ઉપરાંત કોઈ રોગ ન હોય તો પણ નિયમિત અંતરે શિરોધારા કરાવવાથી અકાળે વાળ સફેદ થતાં નથી, ખરતા પણ અટકે છે, અને વાળની જાળવણી થાય છે. આમ, ''શિરોધારા''એ વાળનાં દરેક પ્રકારના રોગો પર અમોઘ શસ્ત્ર સમાન સાબિત થયેલ છે. અને તેની નિયમિત સારવાર વાળની સુંદરતા વધારવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. તે વાતમાં શંકાને સ્થાન નથી.

# રેડી ટુ વેર સાડી આધુનિક સ્ત્રી માટેની નવી સુવિધા

ફેશનઃ રેડી ટુ વેર સાડી આધુનિક સ્ત્રી માટેની નવી સુવિધા આજની દોડધામભરી જિંદગીમાં દરેક સ્ત્રી ઈચ્છે છે કે તે સુંદર પણ દેખાય અને સમય પણ બચી જાય. આવા સમયમાં પરંપરાગત સાડીની જગ્યા ધીમે ધીમે તૈયાર પહેરવાની સાડીએ લઈ લીધી છે. ફેશન જગતમાં હવે ીીકઢ્ઢર્અ´ ઊીઢજિઢાીી એક નવો ટ્રેન્ડ બની ગયો છે. સાડીમાં પહેલેથી જ ઘણી વેરાઈટી આવે છે અને કૈક નવું નવું આવતું જ રહે છે, બીજા અર્થમાં એમ કહીયે તો હવે સાડી પણ રેડી મેડ આવે છે. કે જેમાં બ્લાઉઝ પણ અટેચ હોય છે. સાડી માત્ર એક વન પીસની જેમ જ પહેરવાની હોય છે અને પહેર્યા પછી બિલકુલ લાગતું જ નથી કે આ રેડીમેડ સાડી છે. રેડીમેડ સાડી પહેરવાવાળો વર્ગ અલગ જ છે. ખાસ કરીને યંગ યુવતીઓ રેડીમેડ સાડી પહેરવાનું પ્રિફર કરે છે.

**ખુશ્બુ મુલાણી ઠક્કર**

આજની દોડધામભરી જિંદગીમાં દરેક સ્ત્રી ઈચ્છે છે કે તે સુંદર પણ દેખાય અને સમય પણ બચી જાય. આવા સમયમાં પરંપરાગત સાડીની જગ્યા ધીમે ધીમે તૈયાર પહેરવાની સાડીએ લઈ લીધી છે. ફેશન જગતમાં હવે ીીકઢ્ઢર્અ´ ઊીઢજિઢાીી એક નવો ટ્રેન્ડ બની ગયો છે. સાડીમાં પહેલેથી જ ઘણી વેરાઈટી આવે છે અને કૈક નવું નવું આવતું જ રહે છે, બીજા અર્થમાં એમ કહીયે તો હવે સાડી પણ રેડી મેડ આવે છે. કે જેમાં બ્લાઉઝ પણ અટેચ હોય છે.

સાડી માત્ર એક વન પીસની જેમ જ પહેરવાની હોય છે અને પહેર્યા પછી બિલકુલ લાગતું જ નથી કે આ રેડીમેડ સાડી છે. રેડીમેડ સાડી પહેરવાવાળો વર્ગ અલગ જ છે. ખાસ કરીને યંગ યુવતીઓ રેડીમેડ સાડી પહેરવાનું પ્રિફર કરે છે.

**ચાલો જાણીયે આ સાડી કઈ રીતે પહેરી શકાય અને કોણ પહેરી શકે.**

તૈયાર પહેરવાની સાડી એટલે એવી સાડી જે તમને પહેરવા માટે નાની-મોટી જટિલતાઓમાંથી બચાવે છે. તેને પહેરવા માટે ખાસ રીતે પીન, પ્લીટ્સ અથવા પટ્ટા બાંધવાની જરૂર પડતી નથી. આ સાડી પહેલાંથી જ એવી રીતે સિલાયેલી હોય છે કે માત્ર સ્કર્ટની જેમ પહેરી લો અને તૈયાર! આ સાડી ખાસ કરીને કામકાજ કરતી સ્ત્રીઓ, કોલેજ ગોઈંગ ગર્લ્સ તેમજ ફેસ્ટિવલ અથવા ફંક્શન માટે ઓછા સમયમાં તૈયાર થવા ઈચ્છતા લોકો માટે ખૂબ જ ફાયદાકારક છે. સમય બચાવે છે, દેખાવમાં આકર્ષક છે અને વિવિધ ડિઝાઈન તથા ફેબ્રિકમાં ઉપલબ્ધ હોવાથી દરેક વયની સ્ત્રી માટે યોગ્ય છે.

ડિઝાઈનર્સ પણ હવે પરંપરાગત સાડીને આધુનિક ટચ આપી તૈયાર સાડી તરીકે રજૂ કરે છે. તેમાં સિલ્ક, જ્યોર્જેટ, ચીફોન, લિનન જેવી વિવિધ મટિરિયલ્સનો ઉપયોગ થાય છે. અનેક પ્રકારની સ્ટાઈલ જેવી કે પ્રી-સ્ટીચ્ડ સાડી, બેલ્ટેડ સાડી, પેન્ટ-સ્ટાઈલ સાડી અને ડ્રેપ સાડી જેવા નવા એક્સપેરિમેન્ટ પણ ફેશનમાં લોકપ્રિય થયા છે. તૈયાર પહેરવાની સાડી માત્ર સમય બચાવે છે એટલું જ નહીં, પણ સાડી પહેરવામાં આવતી હિંમતની અછત ધરાવતી યુવતીઓને પણ પરંપરાગત વેશભૂષા તરફ આકર્ષે છે. એટલે કહી શકાય કે આ ફેશનમાં પરંપરા અને આધુનિકતાનું એક સુંદર સંયોજન છે.

તૈયાર સાડી પહેરવાની સ્માર્ટ ટિપ્સ સ્ટાઈલ અને કમ્ફર્ટ સાથે દેખાવો ગ્લેમરસ!

આજકાલ રેડી ટુ વેર સાડી એટલે કે તૈયાર પહેરવાની સાડી મહિલાઓની પહેલી પસંદ બની ગઈ છે. ફક્ત બે મિનિટમાં એથનિક લૂક આપવા માટે આ સાડી પરફેક્ટ છે. પણ તેને યોગ્ય રીતે પહેરો તો તે વધુ આકર્ષક લાગે છે. અહીં ફેશન એક્સપર્ટની કેટલીક ટિપ્સ આપેલી છે જે તમને સાડી લૂકને વધુ ગ્લેમરસ બનાવવા મદદ કરશે.

યોગ્ય સાઈઝ અને ફિટ પસંદ કરો

તૈયાર સાડી અલગ-અલગ સાઈઝમાં મળે છે. તમારી કમરના માપના હિસાબે સાડીનું સિલેક્શન કરવું છે જેથી પહેર્યા પછી કમ્ફર્ટેબલ લાગે અને લૂક પરફેક્ટ આવે. વધારે ટાઈટ સાડી અનકમ્ફર્ટેબલ લાગે છે જ્યારે ઢીલી સાડી લૂઝ દેખાય છે તેથી માપ અનુસાર જ સાડી લેવી. આ સ્ટાઈલની સાડી મોટે ભાગે લેન્થમાં લાંબી જ હોય છે. તેથી ખાસ કરીને સાડીની લેન્થ માપી લેવી.

યોગ્ય બ્લાઉઝ સાથે મેચ કરો

રેડીમેડ સાડી સાથે બ્લાઉઝ ઘણી વાર તૈયાર મળે છે, પણ જો અલગ પહેરો તો કટ અને કલર મેચિંગનું ધ્યાન રાખો. કોન્ટ્રાસ્ટ કલર બ્લાઉઝ અથવા સીક્વિન્સ બ્લાઉઝ સાડીને ફેસ્ટિવ ટચ આપે છે. તમે સ્ટ્રેચેબલ ક્રોપ ટોપ પણ પહેરી શકો.

પલ્લુ સ્ટાઈલ કરો અલગ રીતે

તૈયાર સાડીમાં પલ્લુ પહેલેથી જ ફિક્સ હોય છે, પણ તમે તેને ડિફરન્ટ રીતે ડ્રેપ કરીને સ્ટાઈલિશ બનાવી શકો છો. જો ફિક્સ પાલવ ન જોઈતો હોય તો સિલાઈ ખોલી નાખવી અને પ્રસંગ ને અનુરૂપ પાલવ ડ્રેપ કરી શકાય. એક શોલ્ડર પર પિન મારવી અને બાકીનો છેડો છુટ્ટો રાખવો. છુટ્ટા છેડાને થોડો એડજસ્ટ કરી કમર પર પાતળો બેલ્ટ પહેરવો. તેથી એક ફેન્સી લુક આવશે.

એક્સેસરીઝથી કરો હાઈલાઈટ

સિમ્પલ સાડી એટલે કે પ્લેન સાડી હોય તો જ્વેલરીથી લૂક ઉઠાવી શકાય. સ્ટેટમેન્ટ ઈયરરિંગ્સ, બેલ્ટ અથવા હેન્ડક્લચ લૂકને પૂરો બનાવે છે. ફૂટવેરમાં હીલ્સ સારી લાગે શકે અને કોટન સાડીમાં કોલ્હાપુરી ચપ્પલ સારા લાગી શકે. તમારા બોડીને અનુરૂપ થીન કે બ્રોડ બેલ્ટ પહેરી એક સ્ટાઈલિશ લૂક આપી શકો.

ફેબ્રિક મુજબ લૂક પસંદ કરો

ઈવેન્ટને અનુરૂપ સાડીની પસંદગી કરવી. દિવસના કાર્યક્રમ માટે કોટન અથવા લિનન સાડી પસંદ કરી શકાય., જ્યારે પાર્ટી કે રાત્રીના ફંક્શન માટે જ્યોર્જેટ અથવા સિલ્ક મટિરિયલની તૈયાર સાડી વધુ ગ્લેમરસ લાગશે. કોટન કે લિન્ન સાડી એક મેચ્યોર લૂક આપે છે જ્યારે શિફોન, જોર્જેટ, સિલ્ક અને ક્રેપની સાડી એક યંગ લૂક આપે છે.

હેરસ્ટાઈલ અને મેકઅપનું સંતુલન રાખો

તૈયાર સાડીનું બ્યુટી હેરસ્ટાઈલ અને મેકઅપથી વધે છે. ઓપન વેવ્સ, લો બન અથવા સાઈડ બ્રેડ લૂકને એલિગન્ટ બનાવે છે. લાઈટ મેકઅપ અને બ્રાઈટ લિપ કલર સાડી સાથે સૂટ કરે છે. ઘણી વખત નો મેક અપ લૂક અથવા મિનિમલ મેક અપ લૂક સારો લાગે હે. તો તેની સાથે એવી હેરસ્ટાઈલ પસંદ કરવી કે આખો ઓવર ઓલ લૂક બેલેન્સ થઈ જાય.

**પશ્ચિમ રેલવે**

**બ્રિજ સ્લીપર નવીનીકરણ**

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ), પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ દ્વારા ઈ-ટેન્ડર સૂચના નં. BCT/૨૫-૨૬/૨૬૧, તા. ૧૮.૧૧.૨૦૨૫ આમંત્રિત કરવામાં આવે છે. કાર્ય અને સ્થાનઃ સિનિયર ડેન (R) એમએમસીટીના અધિકારક્ષેત્ર હેઠળ પશ્ચિમ રેલવેના ઉકૈસોનગઢ અને જલગાંવ સેક્શન વચ્ચે એચ-બીમ સ્ટીલ સ્લીપર્સ પૂરા પાડીને બ્રિજ સ્લીપર નવીનીકરણ (TBSR) દ્વારા. કામની અંદાજિત કિંમતઃ ૩,૨૮,૫૦,૩૭૯.૭૯. EMD: ૩,૧૪,૩૦૦/-. સબમિશનની તારીખ અને સમયઃ ૧૬.૧૨.૨૦૨૫ સુધી, ૧૫:૦૦ કલાક. ખુલવાની તારીખ અને સમયઃ ૧૬.૧૨.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

0819

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**OHE વર્ક**

Sr. DEE/TRD/NS/BCT, મુંબઈ સેન્ટ્રલ, ઈ-ટેન્ડર નોટિસ નં.: EL-TRD-W-૧૧૮-૨૫-૨૬-૧૧-R, તારીખ ૨૦.૧૧.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત & ઉધના-જલગાંવ સેક્શન હેઠળ યાર્ડસના સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE બોન્ડિંગ વર્ક. જાહેરાત મૂલ્યઃ ₹ ૫૦,૬૪,૯૪૧.૩૬. બારડીઃ ₹ ૧,૦૧,૩૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૬.૧૨.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૧૬.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

0822

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## તંત્રી લેખ... -

**મંગળવાર, તા. ૨૫ નવેમ્બર ૨૦૨૫**

# જી-૨૦ દેશોના શિખર સંમેલનનો દુનિયાને સંદેશ

વિશ્વના કુલ વિકાસ દરનો મોટો હિસ્સો ધરાવતા જી-૨૦ દેશોના સમૂહના શિખર સંમેલનમાં અમેરિકાના બહિષ્કાર વચ્ચે શનિવારે જહોનિસબર્ગમાં પસાર કરાયેલા ઘોષણાપત્રમાં આવરી લેવાયેલા મુદ્દામાં એક બાબત નવી અને નોંધપાત્ર બની રહી હતી. આ સમૂહના અધ્યક્ષ અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સીરીલ રામાપુસાએ આ જાહેરાનામામાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લાદેલા ટેરિફનાં દબાણનો આડકતરો ઉલ્લેખ કરીને રાજકીય, સામાજિક અને આર્થિક પડકારોને પહોંચી વળવા બહુપક્ષીય સહમતિને વધારીને સામૂહિક રીતે તેનો સામનો કરવાની જરૂરત પર આ સંયુક્ત ઘોષણાપત્રમાં ખાસ ભાર મુકાવ્યો હતો. જી-૨૦ના ઈતિહાસમાં આફ્રિકમાં સૌપ્રથમ વખત યોજાયેલાં આ શિખર સંમેલનમાં ભારતના વડાર્પ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ૧૨૨ ફકરાના આ ઘોષણાપત્રને સ્વીકૃતિ અપાઈ હતી. ઉલ્લેખનીય છે કે, આ ઘોષણાપત્રના મુસદ્દાની તૈયારીમાં પણ અમેરિકા અળગું રહ્યંઅ હતું. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ આપણે છીએ એટલે હું છું...ની લાગણીનું પ્રતિબિંબ પાડતા આફ્રિકન શબ્દ ઉબનટુનો ઉપયોગ કરીને તમામ પડકારોનો સમાનો આ વલણથી કરવાની જરૂરત પર ભાર મુક્યો હતો. આ ઘોષણાપત્રમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘની સલામતી પરિષદના કદને વધારવા, ત્રાસવાદને વખોડવાના અને મહિલાઓના સશક્તિકરણના મુદ્દા સમાવી લેવાયા છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં ત્રાસવાદને અને કેફીદ્રવ્યોની હેરાફેરીને પોષતા દેશોનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કેફીદ્રવ્યોના સોદાગરો અને આતંકી જૂથો વચ્ચે સાઠગાંઠ વધવાના જોખમની સામે જી-૨૦ સમૂહે એક મોરચો ખોલીને પોતાની સાર્થકતા બતાવવી જોઈએ એવો અનુરોધ અધિવેશનમાં કર્યો હતો. ભારતીય વડાપ્રધાનના ઉદ્ઘાટન સત્રના સંબોધનમાં વ્યક્ત કરાયેલી લાગણીના પ્રતિસાદમાં જી-૨૦ના ઘોષણાપત્રે ત્રાસવાદના કોઈ પણ સ્વરૂપ અને કારણને વખોડતાં વિધાનનો સમાવેશ કર્યો હતો. આની સાથોસાથ ભારતે જયારે જી-૨૦ સમૂહનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું, ત્યારે જે ઘોષણાપત્ર બહાર પડાયું હતું, તેમાં મહિલાઓ અને યુવતીઓના સશક્તિકરણ માટે કટિબદ્ધતા વ્યક્ત કરાઈ હતી. આ લાગણીને આ વખતના ઘોષણાપત્રમાં ફરી એક વખત સમાવી લેવાઈ છે. આમાં મહિલાઓની શાંતિના વાહક તરીકેની ભૂમિકાને માન્ય ઠેરવાઈ હતી. આ વખતે પ્રથમ વખત આફ્રિકામાં યોજાયેલાં આ શિખર સંમેલનની વણકહી પણ અનુભવાયેલી નોંધપાત્ર હકીકત એ રહી કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની પ્રકૃતિ મુજબ આ સંમેલનનો બહિષ્કાર કરીને તેને ખોરવવાનો પ્રયાસ કર્યો હતો, પણ જી-૨૦ના સભ્ય દેશોએ સામૂહિક રીતે આ બહિષ્કારની પરવા કર્યા વગર જે રીતે સંમેલનને અર્થસભર બનાવીને એકતાને અનુભવ દુનિયાના અન્ય દેશોને કરાવ્યો હતો. સાથોસાથ આ શિખર સંમલેનમાં વડાપ્રધાન મોદીના વૈશ્વિક નેતૃત્વને અન્ય દેશોના વડાએ જે રીતે વધાવી લીધું તે દરેક ભારતીય માટે ગૌરવપ્રદ બની રહ્યંઅ છે.

# ગુજરાતમાં વધતું પ્રદૂષણ

દિલ્હીમાં શાળાઓ બંધ કરી દેવાનો આદેશ જાહેર થયો છે. શિયાળુ રમતોત્સવ પણ સ્થગિત કરી દેવાયા છે. આવા આકરા નિર્ણયો પાછળનું કારણ વધારે પડતી ઠંડી, અત્યંત નીચે ગયેલું તાપમાન નથી, પરંતુ સતત વધતું જતું પ્રદૂષણ છે. સરકાર, વિવિધ એજન્સીઓ, સંસ્થાઓના સતત પ્રયાસો છતાં દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યા રાજાની કુંવરી જેમ રાતે ન વધે તેટલી દિવસે, દિવસે ન વધે તેટલી રાત્રે વિસ્તરી રહી છે. દિલ્હી, નોઈડા, હરિયાણામાં આ પ્રશ્ન વર્ષોથી છે. આમ આદમી પાર્ટીની સરકારે ઓડ-ઈવનનો નિયમ એટલે કે અમુક મોટરકાર એક દિવસ અને અન્ય બીજા દિવસે શહેરમાં ફેરવવી તેવો જરા અવ્યવહારુ નિયમ પણ અમલી બનાવ્યો હતો, પરંતુ અસર ન થઈ. શિયાળાની શરૂઆતમાં ધુમ્મસ કે ઝાકળ, તેને લીધે હાઈ-વે ઉપર થતા અકસ્માત એ બધું માધ્યમો દ્વારા આપણા સુધી પહોંચે છે, પરંતુ ચેતી જવાની જરૂર એટલા માટે છે કે પ્રદૂષણનો આ અસુર ગુજરાત ઉપર પણ ઝળૂંબી રહ્યો છે. ગુજરાતના ચાર મહાનગર અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પ્રદૂષણનું સ્તર વધ્યું છે. એર ક્વોલિટી ઈન્ડેક્સ વધ્યો છે. હમણા તો આ આંક ૧૮૦ને પાર થઈ ગયો છે. સાંજે જ્યારે વાહનોનું પ્રમાણ રસ્તા ઉપર વધે ત્યારે તે ૨૦૦ને અતિક્રમી જાય છે. રાજકોટ અને અમદાવાદમાં પ્રદૂષણની માત્રા છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી વધારે છે, રેકોર્ડ તૂટયો શબ્દ અહીં પ્રયોજવો યોગ્ય નથી. સુરત-વડોદરામાં આ પ્રમાણ થોડું ઓછું છે. જો કે, સુરતમાં પણ ૧૭૦ની આસપાસ તો આ પ્રમાણ રહે જ છે. શ્વાસ-દમના દર્દીઓ માટે સ્થિતિ વધારે ચિંતાજનક સાબિત થઈ શકે તેમ છે. ખાસ તો વટવા, નાંદેસરી અને વાપીમાં વાયુની ગુણવત્તા સૌથી વધારે ખરાબ થઈ છે, તેમાં પણ વાપીમાં તો છેલ્લા ૩૦ દિવસનું જોખમી વાયુ પ્રદુષણ નોંધાયું છે અને ઔદ્યોગિક ગતિવિધિ માટે જાણીતા વટવામાં પણ છેલ્લા ૧૦ દિવસમાં હવાની ગુણવત્તા ખરાબ શ્રેણીમાં મુકાઈ છે. ગુજરાતમાં નદીઓનું પ્રદૂષણ પણ ચિંતા જગાવે તેવું છે, ખાસ કરીને સાબરમતી, મહિસાગર, નર્મદા અને વિશ્વામિત્રી સહિતની ઘણી નદીઓમાં પ્રદૂષણ વધે છે. જો કે, સરકારે આ માટે ૨૩,૦૦૦ કરોડની ખેડા પરિયોજના પણ તૈયાર કરી છે, તો ગુજરાત પ્રદૂષણ બોર્ડે પણ એક સમિતિ નીમી ઊંડું ચિંતન શરૂ કર્યું છે. કોરોનાનો સમય યાદ આવે તે રીતે તબીબો અત્યારે લોકોને માસ્ક પહેરવાની સલાહ આપી રહ્યા છે. ફેફસાંના દર્દીઓએ પણ તકેદારી રાખવાની સલાહ અપાય છે. સમજવાનું એ છે કે જે રીતે પ્રદૂષણ વધ્યું છે, વધી રહ્યું છે તે જોતાં ધ્યાન તો સ્વસ્થ અને યુવાન લોકોએ પણ રાખવાનું છે. વૃક્ષોનું મહત્તમ પ્રમાણમાં વાવેતર અને તેની જાળવણી તે હાથવગો ઉપાય છે. તે ઉપરાંત તજજ્ઞોની સલાહ અનુસાર વર્તવું, વાહન કે પ્રદૂષણ ઉત્પન્ન કરે તેવી અન્ય બાબતોનો ઉપયોગ શક્ય તેટલો નિયંત્રિત કરીને સ્થિતિ સુધારવા પ્રયાસ કરવો રહ્યો. પ્રદૂષણ ઓછું થાય તે હવે અગ્રતા હોવા કરતાં તે વધે નહીં તે અગત્યનું છે.

### પાકિસ્તાનની વાત બેવડાં ધોરણોનો નાદાર નમૂનો છે.

# ભારત બેસી રહે ને સિંધ ખોળામાં આવીને ના પડે

## ઝુલ્ફીકાર અલી ભુટ્ટો સિંધી હતા તેથી ભુટ્ટો સત્તામાં આવ્યા પછી પાકિસ્તાનના રાજકારણમાં સિંધીઓનું વર્ચસ્વ વધ્યું

ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સિંધ અંગે કરેલા નિવેદનથી પાકિસ્તાન ઉકળ્યું છે. રાજનાથ સિંહે રવિવારે દિલ્હીમાં કહેલું કે, આજે સિંધ ભારતનો ભાગ ભલે ના હોય પણ સિંધ અને ભારતની સભ્યતા એક જ છે તેથી સભ્યતાની રીતે સિંધ હંમેશાં ભારતનો ભાગ રહેશે. રાજનાથે એવું પણ કહ્યું કે, સરહદો ક્યારે બદલાઈ જાય એ કોઈને ખબર નથી હોતી એ જોતાં ભવિષ્યમાં સિંધ ભારત પાસે આવી જાય એવું પણ બને.

રાજનાથના નિવેદનથી પાકિસ્તાનને મરચાં લાગી ગયાં છે. પાકિસ્તાને રાજનાથના નિવેદનને ખોટું, ઉશ્કેરણીજનક અને ખતરનાક ગણાવ્યું છે. પાકિસ્તાનનું કહેવું છે કે, આવાં નિવેદનો આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ છે અને તેના કારણે ઉશ્કેરાટ વ્યાપે છે તેથી ભારતીય નેતાઓ આવાં નિવેદનો આપવાથી દૂર રહે.

પાકિસ્તાનની વાત બેવડાં ધોરણોનો નાદાર નમૂનો છે. પાકિસ્તાન પોતે જમ્મુ અને કાશ્મીર વિશે છાસવારે આવાં નિવેદનો કરે છે, ભારતના પ્રદેશ એવા જમ્મુ અને કાશ્મીરનો પ્રદેશ બથાવીને બેસી ગયું છે અને તેને આઝાદ કાશ્મીર ગણાવે છે. પાકિસ્તાન એવો બકવાસ પણ કરે છે કે, જમ્મુ અને કાશ્મીરને ભારત લશ્કરના જોરે પોતાની સાથે રાખે છે, બાકી કાશ્મીરનાં લોકો તો ભારત સાથે રહેવા ધોળે ધરમેય તૈયાર નથી.

માત્ર એટલું જ નહીં પણ પાકિસ્તાન તો જમ્મુ અને કાશ્મીરને ભારતથી અલગ કરાવવાના ઉધમાતમાં કોઈ કસર છોડતું નથી. કાશ્મીરમાં આતંકવાદ દ્વારા નિર્દોષોની હત્યા કરવાથી માંડીને અરાજકતા ફેલાવવા સુધીનું બધું પાકિસ્તાન કરે છે. પાકિસ્તાન આ બધું કરે ત્યારે તેને આંતરરાષ્ટ્રીય કાયદા પણ યાદ નથી આવતા કે તેના કારણે ઉશ્કેરાટ વ્યાપે છે એ પણ યાદ નથી હોતું ને રાજનાથે સિંધની વાત છેડી તેમાં તો મરચાં લાગી ગયાં.

ભારતને તેનાથી કોઈ ફરક પડતો નથી. ભારતના નેતા પાકિસ્તાનના આંગળિયાત નથી તેથી તેમણે શું બોલવું એ પાકિસ્તાન નક્કી ના કરી શકે. રાજનાથે માત્ર નિવેદન આપ્યું છે ને નિવેદનના કારણે કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ પણ થતો નથી તેથી પાકિસ્તાનના વાંધાની પરવા કરવા જેવી નથી પણ મુખ્ય મુદ્દો સિંધમાં લોકો પાકિસ્તાનથી ખુશ નથી તેનો છે. માત્ર સિંધ જ નહીં પણ આખું પાકિસ્તાન અને છેક અફઘાનિસ્તાન સુધીનો પ્રદેશ ભારતીય સભ્યતાનો ભાગ છે તેથી રાજનાથની એ વાત તો સો ટકા સાચી જ છે પણ ભવિષ્યમાં સિંધ ભારતમાં ભળી શકે એ વાત પણ સાચી છે.

સિંધમાં લાંબા સમયથી પાકિસ્તાનના શાસન સામે ઉકળાટ છે અને એક મોટો વર્ગ માને છે કે, સિંધી સંસ્કૃતિને બચાવવા સિંધીઓએ પાકિસ્તાનથી અલગ થવું જોઈએ નહિંતર ખતમ થઈ જઈશું. આ લાગણી બહુ વરસોથી છે ને સિંધીઓ રહેતા ભલે હોય પણ પાકિસ્તાનમાં તેમને ગોઠતું નથી એ પણ વાસ્તવિકતા છે. વરસોથી પાકિસ્તાનથી અલગ થવા એ લોકો ઊંચાનીચા થયા જ કરે છે. સિંધને પાકિસ્તાનથી અલગ કરીને જ્યાં ઈસ્લામ નહીં પણ સિંધુ સંસ્કૃતિ સર્વોપરી હોય તેવું અલગ રાષ્ટ્ર રચવાની માગણી સાથેની ઝુંબેશ પાકિસ્તાનમાં વરસોથી ચાલે છે.

આઝાદી પછી તરત જી.એમ. સઈદે આ વિચાર મૂકેલો. સિંધની પ્રજા પંજાબીઓ અને મોહાજીરોથી ત્રાસેલી હતી તેથી તેમને આ વિચાર ગમી ગયો. પંજાબીઓ પાકિસ્તાનના રાજકારણ પર ચડી બેઠા છે ને કોઈને ગાંઠતા નથી. ભારતમાં ઉત્તર પ્રદેશ સહિતનાં રાજ્યોમાંથી ગયેલા મુસલમાનો પાકિસ્તાનમાં મોહાજીરો કહેવાય છે. સિંધનાં કરાચી સહિતનાં શહેરોમાં આ મોહાજીરોનાં ધાડેધાડાં ઊતરીને બધે ઘૂસી ગયાં છે તેથી સિંધીઓનું રહેવું હરામ થઈ ગયું છે. આ કારણે મોહાજીરોથી પણ સિંધીઓ ત્રસ્ત છે.

સઈદે સિંધુ સંસ્કૃતિને જીવંત રાખવા માટે પંજાબીઓને મોહાજીરોથી અલગ દેશ જરૂરી છે તેવી વાત રમતી મૂકી. આ વિચારથી સિંધીઓ ઝૂમી ઉઠ્યા ને તેને વધાવી લીધો ત્યારથી સિંધીઓના મનમાં પકિસ્તાનથી અલગ થવાનો વિચાર છે. સિંધમાં રહેનારા મુસ્લિમો પણ મૂળ વેપારી પ્રજા છે તેના કારણે ખાધેપીધે સુખી છે. સિંધથી ભારત ભાગીને આવેલા હિન્દુઓ પણ સુખી પ્રજા છે. એ લોકો વખાના માર્યા ભારત તો ભાગીને આવી ગયા પણ તેમનાં ઘણાં સગાં ત્યાં રહી ગયેલાં.

તેના કારણે સિંધ સાથે તેમને પણ લગાવ હતો જ. સઈદના વિચારે તેમના મનમાં પણ એક આશા પેદા કરી કે સિંધુ દેશ બને તો આપણે પણ પાછા વતનમાં જઈ શકીશું ને સુખે રહી શકીશું. તેમણે પણ આ વિચારને વધાવ્યો ને સઈદને મદદ કરવા માંડી. પરિણામે જીયે સિંધ ચળવળ જામી ગઈ. ઈન્દિરાએ તેને પછી તો ખુલ્લેઆમ મદદ કરી તેથી આ ચળવળ ઉગ્ર બની.

ઝુલ્ફીકાર અલી ભુટ્ટો સિંધી હતા તેથી ભુટ્ટો સત્તામાં આવ્યા પછી પાકિસ્તાનના રાજકારણમાં સિંધીઓનું વર્ચસ્વ વધ્યું એટલે ચળવળ ધીમી પડી હતી પણ જનરલ ઝિયાએ ભુટ્ટોને ફાંસીએ લટકાવી દીધા પછી પાછા પંજાબી ચડી બેઠા તેથી સિંધીઓમાં અસંતોષ વધ્યો હતો. ઝિયાનું શાસન લાંબું ચાલ્યું ને પછી નવાઝ શરીફ આવી ગયા તેથી જીયે સિંધ ચળવળ મજબૂત થઈ કેમ કે શરીફ પણ પંજાબી હતા. બેનઝિર ભુટ્ટોએ પણ રાજકીય ફાયદા માટે સિંધુ દેશનું કાર્ડ ખેલેલું ને તેના કારણે સિંધીઓમાં પોતાની સંસ્કૃતિનું ગૌરવ વધ્યું.

બેનઝિર સત્તામાં આવ્યાં પછી તેમણે આ ચળવળને થોડી ધીમી પાડી પણ બેનઝિરની હત્યા પછી સિંધી નોંધારા થઈ ગયા. સઈદ ગુજરી ગયા પછી નાના નાના રાજકીય પક્ષો રચાયેલા ને પોતાની રીતે લડતા હતા પણ બેનઝિરે તેમને દબાવી દીધેલા. બેનઝિર ગયાં પછી તેમને મોકળું મેદાન મળ્યું તેથી તેમણે આ ઝુંબેશને વેગવંતી બનાવી દીધી. ૨૦૧૭માં ઝૂલેલાલની દરગાહ પર હુમલો થયો પછી આ ચળવળમાં જીવ આવ્યો તેથી પાકિસ્તાન સરકાર પણ સિંધીઓ અલગ થવા ઉગ્ર બને એ વિચારે ફફડે જ છે. રાજનાથના સામાન્ય નિવેદન સામે આપેલું આકરું રીએક્શન આ ફફડાટનું જ પરિણામ છે.રાજનાથની વાત ખોટી નથી પણ સાથે સાથે એ પણ હકીકત છે કે, કશું બેઠાં બેઠાં ના મળે ને તેના માટે મથવું પડે. રાજનાથે તો પહેલાં પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) ભારતમાં લોકોના આંદોલનના કારણે ભળી જશે એવું પણ કહેલું ને હવે સિંધ વિશે પણ તેમણે એ જ વાત કરી છે. સિંધમાં પાકિસ્તાન વિરોધી માહોલ છે ખરો પણ તેને ભારતમાં ભેળવવું હોય તો તેના માટે ભારતે પણ મથવું પડે. સૂતેલા સિંહના મોંમાં પણ કોળિયો આવીને પડતો નથી ને તેણે પણ શિકાર કરવા તો જવું જ પડે. આ વાત પીઓકેને પણ લાગુ પડે છે ને સિંધને પણ લાગુ પડે છે.

### ૧૯૭૮માં જુનિયર સ્તરે આંતર-રાજ્ય મીટમાં પાંચ મેડલ જીત્યા.

# ૧૦૩ આંતરરાષ્ટ્રીય મેડલ જીતીને બની એ અનેક લાડકીની પ્રેરણા

- ૧૯૬૪માં કેરળમાં આવેલા પય્યોલીમાં જન્મેલી ગોલ્ડન ગર્લ પીટી ઉષા કોચ ઓએમ નામ્બિયારની શોધ છે. ૧૯૭૬માં, કોચ નામ્બિયારે ઉષાને એક રમત પુરસ્કાર સમારોહમાં જોઈ અને તેમની ઝડપી ચાલવાની શૈલીથી એ પ્રભાવિત થયા.

'મારો પગ આગળ હતો, પણ હું મારી છાતી અને માથું આગળ નમાવી ન શકી. જો એમ થયું હોત તો હું ચોક્કસ એ મેડલ જીતી ગઈ હોત!'

આ શબ્દો છે દેશની 'ઊડતી રાણી' પી.ટી. ઉષાના આજે ૪૦ વર્ષ પછી પણ ૧૯૮૪ ઓલિમ્પિકની એ ઘટના યાદ કરીને તેની આંખોમાં ઉદાસીના વાદળ છવાઈ જાય છે. માત્ર સેકન્ડના સોમાં ભાગથી એ મેડલ ચુકી ગઈ તેનો વસવસો તેને આજે પણ કોરી ખાય છે.

પી.ટી. ઉષા ભારતીય મહિલા ખેલ જગતનું એક એવું નામ છે, જેને કોઈ ઓળખાણની જરૂર નથી. પણ એ સફળતાની પાછળ રહેલા સંઘર્ષને ઓળખવાની જરૂર છે. આવી સિદ્ધિ પ્રસિદ્ધિ કોઈને મળશે એવી આશા બધાએ આશા છોડી દીધી હતી, પરંતુ પીટી ઉષાએ તે બધાને ખોટા સાબિત કર્યા.

પીટી ઉષાએ ચોથા ધોરણમાં દોડવાનું શરૂ કર્યું હતું. તેના શારીરિક શિક્ષણ શિક્ષકે તેને જિલ્લા ચેમ્પિયન સામે સ્પર્ધા કરવા કહ્યું, જે પીટી ઉષાની શાળામાં જ ભણતી હતી. ઉષાએ તે દોડમાં જિલ્લા ચેમ્પિયનને પણ હરાવી દીધી. એ પછી થોડાં વર્ષો સુધી તેણે તેની શાળા માટે જિલ્લા સ્તરની સ્પર્ધાઓ જીતવાનું ચાલુ રાખ્યું. જોકે તે પછી ૧૯૭૬માં જે બન્યું તે નવા ઈતિહાસની શરૂઆત હતી.

૧૯૬૪માં કેરળમાં આવેલા પય્યોલીમાં જન્મેલી ગોલ્ડન ગર્લ પીટી ઉષા કોચ ઓએમ નામ્બિયારની શોધ છે. ૧૯૭૬માં, કોચ નામ્બિયારે ઉષાને એક રમત પુરસ્કાર સમારોહમાં જોઈ અને તેમની ઝડપી ચાલવાની શૈલીથી એ પ્રભાવિત થયા. નામ્બિયાર તેની ચાલવા દોડવા પરથી પામી ગયા કે આ છોકરી ભારતીય એથ્લેટિક્સનું ભવિષ્ય છે.

સવાલ હતો તેના માતા-પિતાને મનાવવાનો. પુરુષ કોચ પાસે ટ્રેનિંગ કરવાની, સ્પર્ધા માટે ઠેકઠેકાણે ફરવાનું, દીકરીની સલામતીની ચિંતા, તેને એકલી કેમ મુકવી એવું કંઈકેટલુંય દીકરીના માતા-પિતાએ વિચારવું પડે છે. જોકે, ઉષાના એક કાકા શાળામાં શિક્ષક હતા. તેમની સમજાવટથી ઉષાના પિતા માની ગયા. ઉષાને તો રમતગમતમાં રસ હતો જ.

ઉષાએ ૧૯૭૬માં જ, કોચ નામ્બિયાર પાસેથી કોચિંગ લેવાનું શરૂ કર્યું. તે જ્યાં તાલીમ લેતી ત્યાં તેના પિતા લાકડી લઈને આવતા હતા, કારણ કે ત્યાં ખૂબ રખડુ કૂતરાઓ હતાં. તેના કોચ તાલીમ આપવામાં કઠોર હતા. ઘણીવાર રેલવે ટ્રેકને અડીને આવેલા ધૂળિયા રસ્તે પીટીને એ દોડાવતા. દોડતી ટ્રેન સાથે સ્પર્ધા કરવાનું કહેતા. દરિયા કિનારાની રેતીમાં પણ નામ્બિયાર તેની પાસે તાલીમ કરાવતા. રેતીમાં દોડવું કેટલું મુશ્કેલ હોય છે તે આપણે સહુ જાણીએ જ છીએ, પણ આ કઠોરતાથી ઉષાના ઈરાદા ક્યારેય ડગ્યા નહીં .

એ સમયે મહિલા ખેલાડીઓ માટે સુવિધાના નામે મીંડું હતું. મહિલા ખેલાડીઓને જલ્દીથી સ્પોન્સર્સ નહોતા મળતા. ઉષાને સ્કોલરશિપના નામે માત્ર ૨૫૦ રૂપિયા મળતા હતા! રમતને અનુકૂળ કપડાં, જૂતા, ખોરાક વગેરેનો ખર્ચો કાઢવોએના જેવા સાધારણ પરિવાર માટે અશક્યવત વાત હતી, પણ ઈશ્વરે ઉષાને કોઈ ને કોઈ રીતે મદદ મળતી રહે તેવું ભાગ્ય લખ્યું હતું. ૭૦-૮૦ના દાયકામાં ખેલાડીઓની તાલીમ માટે વ્યવસ્થાઓનો પણ ભારે અભાવ હતો. પી.ટી. ઉષાએ પોતે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે કે ૪૦ ખેલાડીઓ વચ્ચે ગણ્યાગાંઠ્યા બાથરૂમ હતા.

પણ કોચે જે આગાહી કરી હતી તે સાચી પડી, ઉષાએ ટૂંક સમયમાં ૧૯૭૮માં જુનિયર સ્તરે આંતર-રાજ્ય મીટમાં પાંચ મેડલ જીત્યા. ત્યાર પછી એણે ક્યારેય પાછું વળીને જોયું નથી. તેણે કેરળ સ્ટેટ કોલેજ મીટમાં ૧૪ મેડલ જીતીને સનસનાટી મચાવી દીધી.૧૯૮૧માં, તેણે સિનિયર ઈન્ટર સ્ટેટ મીટમાં ૧૦૦ મીટર દોડ ૧૧.૮ સેકન્ડમાં અને ૨૦૦ મીટર દોડ ૨૪.૬ સેકન્ડમાં પૂર્ણ કરીને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો. આ પછી, ૧૯૮૨ની એશિયન ગેમ્સમાં, તેણે ૧૦૦ અને ૨૦૦ મીટરમાં સિલ્વર મેડલ જીત્યા. એ પછી માત્ર ૧૬ વર્ષની વયે ૧૯૮૦ના ઓલિમ્પિકમાં તેણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તે વખતે ૧૦૦ મીટરની રેસમાં પહેલા રાઉન્ડમાં બહાર થઈ ગઈ હતી, પણ ૧૯૮૪ના ઓલિમ્પિકમાં ઈતિહાસને અને ઉષાને સેકંડના સોમાં ભાગનું છેટું રહી ગયું.

ઉષા ૪૦૦ મીટર હર્ડલ્સમાં સેકન્ડના સોમા ભાગ માટે બ્રોન્ઝ મેડલ ચૂકી ગઈ, પણ તેના કારણે ભારતીય એથ્લેટિક્સને એક નવી ઊંચાઈ મળી. તે ઓલિમ્પિક રમતોની ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની. ભાગ્યે જ કોઈ ભારતીયે વિચાર્યું હશે કે કોઈ પણ ખેલાડી મેડલની આટલી નજીક પહોંચી જશે, અને તે પણ એક મહિલા ખેલાડી.એ સમયે જન્મેલી કેટલીય દીકરીઓનાં નામ ઉષાના નામ પરથી પાડવામાં આવેલા. ૧૯૮૫માં જકાર્તામાં યોજાયેલી એશિયન ચેમ્પિયનશિપમાં તેણે પાંચ ગોલ્ડ મેડલ જીત્યા હતા, જ્યારે ૧૯૮૬માં એશિયન ગેમ્સમાં ચાર ગોલ્ડ મેડલ! લોકો પીટી ઉષાને 'પયોલી એક્સપ્રેસ' તરીકે ઓળખાવા લાગ્યા. આ રીતે તેણે પોતાના જન્મસ્થાનનું નામ પણ રોશન કર્યું. કોચીમાં એક રસ્તાનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. પોતાની કારકિર્દી દરમિયાન પીટી ઉષાએ ૧૦૩ આંતરરાષ્ટ્રીય મેડલ્સ ઉપરાંત અગણિત અન્ય ટ્રોફી-મેડલ્સ જીતીને પીટી ઉષા જીવંત દંતકથા બની ગયાં છે.


### આ જ કડીમાં સંસદ ભવનની કેન્ટિનમાં જાડાં ધાન્યથી બનેલ વ્યંજનોને સામેલ કરવામાં આવ્યાં છે.

# મિલેટ્સનો ગઢ બનતું ભારત

## નાબાર્ડે જાડાં ધાન્યોની નિકાસને ઉત્તેજન આપવાની કાર્યયોજના તૈયાર કરી છે. તેના માટે તેણે કૃષિ, ગ્રામીણ સ્ટાર્ટઅપ માટે ૬૦૦ કરોડ રૂપિયાનું કેપિટલ ફંડ બનાવ્યું છે.

મિલેટ્સ એટલે કે જાડાં ધાન્ય એટલે કે બરછટ અનાજ પર એ કહેવત સંપૂર્ણ રીતે ચરિતાર્થ થાય છે કે 'પુરુષ બલી નહીં હોત હૈ, સમય હોત બલવાન.' હરિત ક્રાંતિના દોરમાં જે જાડાં ધાન્યો ગરીબોની થાળી સુધી જ સીમિત થઈ ગયાં હતાં, આજે તે વિદેશી મહેમાનોની થાળીમાં પણ પીરસાઈ રહ્યાં છે. હાલમાં સંપન્ન જી-૨૦ શિખર સંમેલન અને તેના પહેલાં દેશભરમાં થયેલ આ સમૂહની અન્ય બેઠકોમાં મહેમાનોના સ્વાગતથી માંડીને હોટેલના ખાવા-પીવા સુધી દરેક જગ્યાએ દેશી ટચ આપવામાં આવ્યો. વિદેશી નેતાઓને જાડાં ધાન્ય જેમ કે જુવાર, બાજરી અને રાગીથી બનેલા પકવાન પીરસવામાં આવ્યા. વિદેશી મહેમાનોએ મિલેટથી બનેલા નાસ્તાની જયાફત દેશી ચ્હા સાથે માણી. તેનાથી ભારતના જાડાં ધાન્યોનું આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રાન્ડિંગ થયું. જાડાં ધાન્યો પ્રત્યે લોકોને જાગૃત કરવા માટે ૨૦૨૩ને 'ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ' જાહેર કરવામાં આવ્યું છે. આના પહેલાં ૨૦૧૮માં ભારતે રાષ્ટ્રીય સ્તર પર જાડાં ધાન્યોનું વર્ષ ઉજવ્યું હતું. મિલેટ્સમાં જાડાં અને નાના દાણાવાળાં અનાજ સામેલ હોય છે. મુખ્ય જાડાં ધાન્યોમાં જુવાર, બાજરી, રાગી આવે છે તો નાના અનાજોમાં કુટકી, કાંગણી, કોદરી અને સામો સામેલ છે. તેમાં કેલ્શિયમ, આયર્ન અને ફાઈબર સહિત કેટલાય પોષક તત્ત્વો જોવા મળે છે. તેથી મિલેટ્સને સુપરફૂડનો દરજજો આપવામાં આવ્યો છે.આજે જાડાં ધાન્ય આકર્ષક પેકિંગમાં મોટા-મોટા શોપિંગ મોલમાં વેચાઈ રહ્યાં છે. દુનિયાના કેટલાય દેશોમાં આ અનાજોની માંગ વધવા લાગી છે. પોષક તત્ત્વોની ભરપૂર હાજરી અને બીમારીઓ સામે લડવાની અદ્ભૂત ક્ષમતાને જોતાં જાડાં ધાન્ય દેશની પોષણ સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે. તેથી ચિકિત્સા જગત જાડાં ધાન્યોને ભોજનમાં સામેલ કરવાની તરફદારી કરી રહ્યા છે. હવે સરકારે પણ જાડાં અનાજોથી બનેલ પ્રોસેસ્ડ ઉત્પાદનોને નાસ્તા અને ભોજનની થાળીમાં સામેલ કરવાની યોજના બનાવી છે. પ્રોસેસ્ડ ઉત્પાદનોને સ્થાનિક લોકોની ઉંમર અને સ્વાદને અનુરૂપ બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છેકે દેશની ૪૨ ટકા જનસંખ્યાનો મુખ્ય આહાર સ્ટાર્ચ યુક્ત ભોજન છે અને ૬૦ કરોડ લોકો ગંભીર રૂપે કુપોષિત છે. જાડાં ધાન્યથી બનેલ આહારને ભોજનમાં સામેલ કરવાથી કુપોષણની સમસ્યાનું સ્વતઃ સમાધાન થઈ જશે. સ્વાસ્થ્ય માટે ફાયદેમંદ હોવાને કારણે જાડાં ધાન્ય હવે દુનિયાભરમાં ભોજનનો હિસ્સો બની રહ્યાં છે. કેટલાય દેશોએ ઘઉંને બદલે જાડાં ધાન્યોને પોતાના રોજના ભોજનમાં સ્થાન આપ્યું છે. જાડાં ધાન્યોમાં આયર્નની સારી માત્રા હોય છે. તે ગ્લુટેન ફ્રી હોવાને કારણે શરીર માટે ફાયદેમંદ છે અને તેનાથી ડાયાબિટીસ જેવી બીમારીને નિયંત્રિત કરવામાં પણ ભારે મદદ મળે છે.જાડાં ધાન્યોની ખેતી મોટાભાગે નાના અને સીમાંત ખેડૂતો કરે છે. હવે નવા ઉદ્યમી આ ખેડૂતો સાથે જોડાઈને જાડાં ધાન્યોને આમ જનતાની થાળી સુધી પહોંચાડવામાં લાગ્યા છે. આ ધાન્યો ઉગાડવા માટે ઓછા પાણીની જરૂર પડે છે અને તેનો પાક મોસમી ઉતાર-ચડાવ આસાનીથી સહન કરી લે છે. તે કાર્બન અવશોષણમાં પણ સહાયક છે. ઘઉં-ધાન્યની તુલનામાં આ પાકને તૈયાર થવાની અવધિ પણ ઓછી છે. તેથી જળવાયુ પરિવર્તનના દોરમાં જાડાં ધાન્યો આશાનું કિરણ લઈને આવ્યાં છે.વડાપ્રધાન મોદી ખેડૂતોની આવક વધારવામાં જાડાં ધાન્યોની ભૂમિકાનો ઉલ્લેખ કરી ચૂક્યા છે. તેમણે તેને એક આંદોલન બનાવવા અને ભારતને મિલેટ્સનું ગ્લોબલ હબ બનાવવાની પણ વકીલાત કરી છે. આ જ કડીમાં સંસદ ભવનની કેન્ટિનમાં જાડાં ધાન્યથી બનેલ વ્યંજનોને સામેલ કરવામાં આવ્યાં છે. જાડાં ધાન્યના પૌષ્ટિક ગુણોને જોતાં ૫૦ વર્ષ બાદ સૈનિકોના આહારમાં જાડાં ધાન્યની વાપસી થઈ છે. ઉત્તર પ્રદેશની યોગી સરકાર જાડાં ધાન્યોના પ્રોસેસ એકમો લગાવનારને ૧૦૦ ટકા અનુદાન આપી રહી છે. બજારોમાં જાડાં ધાન્યો માટે અલગથી વેચાણ કેન્દ્ર બનાવવામાં આવશે. ગ્રામ્ય વિકાસ વિભાગ તેને બ્લોકથી લઈને ગ્રામ પંચાયતો અને ત્યાંના હાટ બજારો સુધી વિસ્તાર આપશે. તેનાથી બનેલ ભોજન હોટલોના ખાનપાનમાં સામેલ કરવામાં આવશે. બાળકોને પણ જાડાં ધાન્ય વિશે જાણકારી હોય, તેના માટે જાડાં ધાન્યોને પ્રાઈમરી સ્કૂલોના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે. મધ્યાહ્ન ભોજન, પુષ્ટાહાર, સાર્વજનિક વિતરણ પ્રણાલીમાં જાડાં ધાન્ય સામેલ કરી લેવામાં આવ્યાં છે. સ્વયં સહાયતા સમૂહોને જાડાં ધાન્યોના ઉત્પાદનો તૈયાર કરવા માટે પ્રશિક્ષિત કરવામાં આવશે. જળવાયુ પરિવર્તનને કારણે ઘઉં-ધાન્યની ખેતીમાં વધતી કઠિનાઈઓ અને ખર્ચને જોતાં સરકાર ટેકાના ભાવે જાડાં ધાન્યોની દેશવ્યાપી સરકારી ખરીદી અને તેને જાહેર વિતરણ પ્રણાલી અંતર્ગત વિતરિત કરવાની યોજના પર કામ કરી રહી છે.દુનિયાના ૧૩૦ દેશોમાં જાડાં ધાન્યોની ખેતી થાયછે અને આ અનાજ એશિયા-આફ્રિકાના ૫૦ કરોડ લોકોનો પારંપરિક આહાર છે. હવે મોદી સરકાર જાડાં ધાન્યોને વૈશ્વિક બ્રાન્ડ બનાવી રહી છે. તેના માટે વિશ્વના કેટલાય દેસોમાં જાડાં ધાન્ય આધારિત પ્રદર્શન આયોજિત થઈ રહ્યાં છે. નાબાર્ડે જાડાં ધાન્યોની નિકાસને ઉત્તેજન આપવાની કાર્યયોજના તૈયાર કરી છે. તેના માટે તેણે કૃષિ, ગ્રામીણ સ્ટાર્ટઅપ માટે ૬૦૦ કરોડ રૂપિયાનું કેપિટલ ફંડ બનાવ્યું છે. તેનો ઉપયોગ જાડાં ધાન્ય આધારિત સ્ટાર્ટઅપને ઉત્તેજન આપવા માટે કરવામાં આવે છે. તેના માટે નાબાર્ડે 'નબવેંચર' નામની કંપની બનાવી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતે ૭૫.૪ કરોડ ડોલરનાં જાડાં ધાન્ય નિકાસ કર્યાં છે, જેને ૨૦૨૫ સુધી વધારીને ૧૦૦ કરોડ ડોલર કરવાનું લક્ષ્ય છે. ભારત પોતાના જાડાં ધાન્ય નિકાસના ૫૫ ટકા સંયુક્ત અરબ અમીરાત અને સઉદી અરબને કરે છે. આ બધા પગલાંની આવનાર વર્ષોમાં સકારાત્મક અસરો જોવા મળશે.

# એક યુગનો અંતઃ દંતકથા સમાન ધરમપાજીને ફિલ્મી કલાકારોએ આપી આદરાંજલિ



**ન્ડસ્ટ્રીના ઓરીજીનલ 'હી-મેન'. અનેક પેઢીઓ માટે પ્રેરણાદાયક બનવા માટે ધરમજી આપનો આભાર. તમે તમારી ફિલ્મો અને તમે આપેલા સ્નેહને કારણે કાયમ લોકો વચ્ચે જીવંત રહેશો.'અજયે ધર્મેન્દ્રને તેમની હૂંફ, ઉદારતા અને અનોખા વ્યક્તિત્વ બદલ યાદ કર્યા. તેણે જણાવ્યું કે 'ફિલ્મ ઉદ્યોગે એ દિગ્ગજ કલાકાર ગુમાવ્યા છે. આપણા ચિત્રપટ ઉદ્યોગના ઘડતરમાં પાયાનું કામ કરનારી વ્યક્તિને આપણે ગુમાવી છે. પ્રભુ ધરમજીના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના. ઓમ શાંતિ.'**

મુંબઈઃ ભારતીય સિનેમાની પ્રમાણસિદ્ધ દંતકથા, અનેક પેઢીઓ માટે પ્રેરણા અને ઓરીજીનલ 'હી-મેન'. આ શબ્દોમાં અક્ષય કુમાર, અજય દેવગણ અને કરણ જોહર સહિત અનેક હસ્તીઓએ ધરમપાજીનું સ્મરણ કર્યું હતું.

પહેલી ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે' (૧૯૬૦)થી 'સત્યકામ'થી લઈને 'શોલે' અને 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જીયા' (૨૦૨૪) સુધી ૩૦૦ ફિલ્મોમાં ૬૫ વર્ષની કારકિર્દીમાં છવાઈ ગયેલા સ્ટાર ધર્મેન્દ્રનું આજે ૮૯ વર્ષની વયે નિધન થયું છે. .

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર અક્ષય કુમારે દિવંગત ધરમજીનો ફોટો શેર કરતા કહ્યું હતું કે અભિનેતા તેમની ફિલ્મો દ્વારા જીવતા રહેશે. મારી ઉંમરના લગભગ બધા છોકરાઓ મોટા થઈ ધરમજી જેવા 'હી-મેન' બનવા માગતા હતા.


ન્ડસ્ટ્રીના ઓરીજીનલ 'હી-મેન'. અનેક પેઢીઓ માટે પ્રેરણાદાયક બનવા માટે ધરમજી આપનો આભાર. તમે તમારી ફિલ્મો અને તમે આપેલા સ્નેહને કારણે કાયમ લોકો વચ્ચે જીવંત રહેશો.'

અજયે ધર્મેન્દ્રને તેમની હૂંફ, ઉદારતા અને અનોખા વ્યક્તિત્વ બદલ યાદ કર્યા. તેણે જણાવ્યું કે 'ફિલ્મ ઉદ્યોગે એ દિગ્ગજ કલાકાર ગુમાવ્યા છે. આપણા ચિત્રપટ ઉદ્યોગના ઘડતરમાં પાયાનું કામ કરનારી વ્યક્તિને આપણે ગુમાવી છે. પ્રભુ ધરમજીના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના. ઓમ શાંતિ.'

૨૦૨૩માં ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં ધરમજીને દિગ્દર્શિત કરનાર કરણ જોહરે ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું હતું કે 'એક યુગનો અંત આવી ગયો છેપ.. એક ભવ્ય મેગા સ્ટારપ મુખ્ય પ્રવાહના સિનેમામાં હીરોનું મૂર્તિમંત સ્વરૂપ..હેન્ડસમ અને સ્ક્રીનની હાજરીથી જ પ્રભાવ પડતોપ ભારતીય સિનેમાની દંતકથા છે અને હંમેશા રહેશેપ સિનેમાના ઈતિહાસના પૃષ્ઠોમાં તેમની હાજરી ઊડીને આંખે વળગે છેપ ઉમદા વ્યક્તિપ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દરેકને તેમને માટે ખૂબ લગાવ હતો.'

અભિનેત્રી કરીના કપૂર ખાને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તસવીરો શેર કરી લખ્યું છે કે ''ફોરએવર ઈન પાવર.''ફરહાને દેઓલ પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ધર્મેન્દ્રનું સ્થાન કોઈ નહીં લઈ શકે.

સુનીલ શેટ્ટીએ પોસ્ટ કર્યું હતું કે 'ગૌરવશાળી વ્યક્તિત્વ. હૂંફમાં લપેટાયેલું સ્ટારડમ. શુદ્ધ હૃદયમાં વીરતા. આ ધરમ પાજીનો વારસો છે. દુનિયા માટે તેઓ હી-મેન હતો. તેમને ઓળખતા લોકો માટે એક અનેરી હૂંફ હતા.'








# ધર્મેન્દ્રએ અમિતાભ બચ્ચન અને શાહરૂખ કરતાં વધુ સુપરહિટ ફિલ્મ આપી હતી, જાણો યાદગાર સફર

બોલીવુડના ''હી-મેન'' ધર્મેન્દ્રનું ૮૯ વર્ષની વયે અવસાન થયું છે. ધર્મેન્દ્રનું સ્ટારડમ એવું હતું કે તેમની દરેક ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ તેની ચર્ચા થવા લાગતી હતી અને લોકો આતુરતાથી ફિલ્મ રિલીઝ થવાની રાહ જોતા હતા. એક્શન, રોમેન્સ અને કોમેડીથી લઈને દરેક શૈલીમાં શ્રેષ્ઠ કરવાની તેમની ક્ષમતાએ તેમને બોલીવુડના સાચા 'હી-મેન' બનાવ્યા.

ધર્મેન્દ્રએ માત્ર ફિલ્મોમાં તેમની ભૂમિકાઓથી જ નહીં, પરંતુ તેમના અભિનયથી પણ દર્શકોના દિલ જીતી લીધા હતા. પડદા પર તેમના એક્શન દ્રશ્યોને ખૂબ જ પસંદ કરવામાં આવતા હતા. ધર્મેન્દ્ર સતત ફિલ્મોમાં વ્યસ્ત રહેતા હતા. હવે, તેમની છેલ્લી ફિલ્મ, ''ઈક્કીસ'' આવતા મહિને સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.ધર્મેન્દ્રએ તેમની કારકિર્દી દરમિયાન હિન્દી સિનેમાને અનેક હિટ અને બ્લોકબસ્ટર ફિલ્મો આપી. તેમને ૬૦ અને ૭૦ના દાયકામાં બોક્સ ઓફિસના સૌથી લોકપ્રિય સ્ટાર્સમાંના એક ગણવામાં આવતા હતા. ''શોલે,'' ''ચુપકે ચુપકે,'' ''ધરમ વીર,'' ''દોસ્ત,'' ''અનુપમા,'' અને ''સીતા ઔર ગીતા'' જેવી ફિલ્મોએ તેમને ઘર-ઘરમાં જાણીતા બનાવી દીધા. ધર્મેન્દ્ર હિન્દી સિનેમાના એવા સુપરસ્ટાર હતા, જેમણે અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન કરતાં વધુ હિટ ફિલ્મો આપી હતી.ધર્મેન્દ્રએ ૧૯૬૦માં ૨૪ વર્ષની ઉંમરે 'દિલ ભી તેરા હમ ભી તેરે'થી ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. ત્યાર બાદ તેઓ 'બંદિની', 'આઈ મિલન કી બેલા' અને 'કાજલ' જેવી હિટ ફિલ્મોમાં સહાયક ભૂમિકાઓમાં દેખાયા, પરંતુ ૧૯૬૫ની ફિલ્મ 'હકીકત'એ તેમને બોક્સ ઓફિસ પર હિટ હીરો બનાવ્યા. ''હકીકત'' ફિલ્મની સફળતા પછી ''ફૂલ ઔર પથ્થર'' રિલીઝ થઈ, જેણે તેમને સ્ટાર બનાવ્યા. ત્યારથી ધર્મેન્દ્ર ૧૯૭૦ના દાયકાના અંત સુધી સતત બોલિવૂડના ટોચના અભિનેતાઓમાંના એક રહ્યા અને તેમણે 'અનુપમા', 'આદમી ઔર ઈન્સાન', 'મેરા ગાંવ મેરા દેશ', 'સીતા ઔર ગીતા', 'શોલે', 'લોફર', 'યાદો કી બારાત' અને 'ધરમ વીર' જેવી ઘણી હિટ અને સુપરહિટ ફિલ્મો આપી.૮૦ના દાયકામાં બોલીવુડના 'હી-મેન' એ એક્શન ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું અને 'બદલે કી આગ', 'ગુલામી', 'લોહા' અને 'આઈલાન-એ-જંગ' જેવી ફિલ્મોમાં જોવા મળ્યા. ૬૪ વર્ષના કરિયરમાં, ધર્મેન્દ્રએ ૭૫ હિટ ફિલ્મો આપી, જે કોઈ પણ હિન્દી ફિલ્મ અભિનેતા દ્વારા મુખ્ય ભૂમિકામાં આપેલી સૌથી વધુ હિટ ફિલ્મો છે, તેમાંથી છ બ્લોકબસ્ટર ફિલ્મ હતી.

અમિતાભ બચ્ચન (૫૭), રાજેશ ખન્ના (૪૨), શાહરૂખ ખાન (૩૫) અને સલમાન ખાન (૩૮) જેવા સુપરસ્ટારોએ તેમની કારકિર્દીમાં ધર્મેન્દ્ર કરતાં ઓછી હિટ ફિલ્મો આપી છે. તમને જણાવી દઈએ કે આ માહિતી અત્યાર સુધી આ તમામ સ્ટાર્સની રિલીઝ થયેલી ફિલ્મો અનુસાર છે.



# 30 વર્ષ સુધી બોક્સ ઓફિસ પર રાજ કરવા છતાં ધર્મેન્દ્રને 'સુપરસ્ટાર' કેમ ગણવામાં ન આવ્યા?

નવી દિલ્હીઃ ધર્મેન્દ્રની વાત કરતી વખતે લોકો તેમને મળેલી જબરદસ્ત સફળતા ભૂલી જાય છે. એ યાદ રાખવું જરૂરી છે કે રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન અને જીતેન્દ્ર જેવા સુપરસ્ટાર્સ ધર્મેન્દ્ર સામે ટક્કર લેવા આવ્યા હતા. આ એક્ટરો ટોચ પર હતા ત્યારે ધરમજી પણ બોક્સ ઓફિસના સુપરસ્ટાર હતા અને જ્યારે ઉપર જણાવેલ ત્રણ સ્ટારના વળતા પાણી થાય ત્યારે પણ ધરમજી અત્યંત સફળ હતા.

ધર્મેન્દ્રનો ઉલ્લેખ થાય ત્યારે લોકો તેમના વ્યક્તિત્વની ચર્ચા કરે તેમની 'હી-મેન' પર્સનાલિટીની પણ ચર્ચા થાય. 'શોલે'ની વાત સુધ્ધાં થાય, પરંતુ ત્રણ દાયકાથી છવાઈ રહેલા ધરમજીના સુપરસ્ટારડમની બહુ ઓછી ચર્ચા થઈ છે. 'સુપરસ્ટાર' શબ્દનો ઉપયોગ ગંભીરતાથી કરવામાં આવે છે. આની પાછળ માત્ર સ્ટારની લોકપ્રિયતા જ નથી. એની બોક્સ ઓફિસ સક્સેસ, ધૂંઆધાર કલેક્શન અને હિટ ફ્લોપની વાત હોય છે.રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન કે રાજેન્દ્ર કુમાર જેવા હીરો સાથે 'સુપરસ્ટાર' શબ્દનો ખૂબ ઉપયોગ બંધબેસતો લાગે, પરંતુ બોક્સ ઓફિસ પર ઘણી સફળતા મેળવનાર ધર્મેન્દ્ર સાથે લોકો ઘણીવાર 'સુપરસ્ટાર' શબ્દ મૂકવાનું ભૂલી જાય છે.ધર્મેન્દ્ર જ્યારે ઈન્ડસ્ટ્રીમાં આવ્યા ત્યારે દેવ આનંદ, રાજ કપૂર અને દિલીપ કુમાર પણ ટોચ પર હતા. ત્યાર બાદ તેમણે બોક્સ ઑફિસ પર રાજેશ ખન્ના, મનોજ કુમાર, અમિતાભ બચ્ચન અને જીતેન્દ્રનો સામનો કર્યો હતો.

## ધર્મેન્દ્રને હી-મેનની ઉપાધિ કઈ રીતે મળી? શું છે આ પાછળની સ્ટોરી

બોલીવૂડ એક્ટર ધર્મેન્દ્રએ ૮૯ વર્ષે આપણી વચ્ચે સદેહે વિદાય લીધી પરંતુ પોતાની આગવી એક્ટિંગ સ્કિલથી ફેન્સના દિલોમાં દિમાગમાં તો હંમેશા જીવંત રહેશે. પોતાના લાંબા ફિલ્મી કરિયરમાં ૩૦૦થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલાં ધર્મેન્દ્ર ફેન્સમાં હી-મેન, ધરમ પાજી જેવી હુલામણા નામથી ઓળખાતા હતા. પરંતુ શું તમને ખબર છે કે ધરમપાજીને આ હી-મેન નામ કઈ રીતે મળ્યું? ચાલો આજે તમને આ પાછળની સ્ટોરી જણાવીએપ

મળતી માહિતી મુજબ ધર્મેન્દ્રને હી-મેનનો ખિતાર ૧૯૬૬માં આવેલી સુપરહિટ ફિલ્મ ફૂલ ઔર પથ્થર પછી મળ્યો હતો. આ ફિલ્મના જ એક સીનમાં ધરમપાજીએ શર્ટ ઉતાર્યું હતું. તેમનો આ ફોટો ન્યુઝપેપર અને મેગેઝિનમાં છપાયો હતો. તેમની મસક્યુલર પર્સનાલિટીએ લોકોને દિવાના બનાવી દીધા હતા અને બસ ફેન્સ અને બોલીવૂડમાં ધરમપાજી હી-મેનના નામે ઓળખાવવા લાગ્યા.

ફૂલ ઔર પથ્થર બાદ ધરમપાજીએ અનેક ફિલ્મોમાં એક્શન સિક્વન્સ કર્યા અને જતાં સમયની સાથે તેમની હી-મેનની ઈમેજ લોકોના દિલોદિમાગ પર એકદમ જડબેસલાક જામતી ગઈ. ફૂલ ઔર પથ્થર ફિલ્મ બાદ ધરમપાજી દર્શકોના મનમાં હી-મેન તરીકે અને ડિરેક્ટર્સના મનમાં એક્શન હીરો બનીને ઉભરીને આવ્યા.૧૯૬૬માં ભલે ફૂલ ઔર પથ્થર બાદ ધર્મેન્દ્રને હી-મેનની ઉપાધિ મળી હોય પણ તેમની મસ્ક્યુલર બોડી અને કદકાઠી તેમ જ લૂક્સ પણ ચર્ચામાં રહ્યા. ૧૯૭૦માં અમેરિકાની જાણીતી ટાઈમ મેગેઝિને ધર્મેન્દ્રને દુનિયાના ૧૦૦ સૌથી હેન્ડસમ પુરુષોની યાદીમાં સ્થાન અપાવ્યું હતું. આજે ભલે ધરમપાજી આપણી વચ્ચે ના હોય પણ તેમની ફિલ્મો અને આઈકોનિક રોલ્સને કારણે તેઓ દર્શકોના દિલો દિમાગ પર છવાયેલા રહેશે.

# સાહિત્ય સેશનમાં સૂફી વાર્તાઓ, કવિતાઓ અને શાયરીની મહેફિલ જામી

ટોરેન્ટ ગ્રુપ સંચાલિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની સાતમી આવૃત્તિમાં શનિવારે ગુજરાત યુનિવર્સિટી, અટીરા અને શ્રેયસ ફાઉન્ડેશનના કેમ્પસમાં અભિવ્યક્તિની પ્રસ્તુતિઓને માણવા મોટી મુલાકાતીઓ ઉમટી પડ્યાં હતાં.

અભિવ્યક્તિના સર્જનાત્મક ભંડારમાં આ વર્ષે પ્રથમ વખત 'સાહિત્ય'શૈલીનો ઉમેરો કર્યો છે. આ વિકેન્ડમાં પણ કવિઓ, લેખકો અને વિચારકોની વિસ્તૃત શ્રેણી સાથે આ સાહિત્યિક મેહફીલ જામી હતી.

'ખોજ-એ-ખુદ' થીમમાં, કબૂલાત, પુનઃઅર્થઘટન અને સૂફી વાર્તાના તાણાબાણા સામે આવ્યા. આ પ્રસ્તુતિમાં પોતાની જાતને અન્ય લોકોની, ભગવાનની અને પોતાની દ્રષ્ટિથી જોવાની સાર્વત્રિક ઝંખનાની રજુઆત કરવામાં આવી હતી. જેમાં અમદાવાદના લેખિકા પલક અરોરાએ પોતાની પ્રસ્તુતિ 'દાસ્તાન-એ-બુલેશાહ' રજુ કરી હતી. પોતાના કન્ફેશનલ નરેશન 'ઓડિપસ કી માં'માં સ્નિગ્ધા તિવારીએ જીવનના વિવિધ પાસાઓ - સાતત્ય, સમાધાન, પસંદગીઓ અને અન્ય પર વિચારવાની તક આપી હતી. જ્યારે અભિજ્ઞા સજજાઈ અસ્તિત્વવાદી ફિલોસોફી અને રશિયન ગુરુ ફ્યોડર દોસ્તોવ્સ્કીના સર્જનો પર કામ કરે છે. 'દોસ્તોવ્સ્કીની વ્હાઈટ નાઈટ્સ' પરના વાંચન રજૂ કર્યા હતા.

'કવિતાઓ કા ચૌરાહા' થીમ હેઠળ ચાર કાવ્યાત્મક માર્ગો એક મંચ ઉપર આવીને ગુજરાતી અને હિન્દી છંદોનો ગીતાત્મક સંગમને પ્રસ્તુત કર્યો હતો. જ્યારે ગીતકાર અને વાર્તાકાર મયંક અસવાલ (હિમાંક) દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રસ્તુતિ 'ઈબારાતો કા સફર' સામાજિક જાગૃતિ, ક્રાંતિ અને પ્રેમની ઝલક દર્શાવી હતી. બહુમુખી પ્રતિભા ધરાવતા ગુજરાતી લેખક, ગીતકાર, નાટ્યકાર, પ્રાંજલ કશ્યપે પોતાની પ્રસ્તુતિ 'ફિલ્ટર ફ્રી કનેક્શન' રજૂ કરી હતી. રાજસ્થાનના સૂરજ ગોસ્વામીએ 'પલ ભર કા તમાશા'માં એક કાવ્યસંગ્રહ રજૂ કર્યો હતો. અમદાવાદના આર.જે. સુભાષ ગઢવીએ 'મહેફિલ-એ-ગઢવી' રજૂ કરી હતી.

ચોથી થીમ 'જીવનઃ જો ટૂટ તા હૈ, જો ટિક તા હૈ' અંતર્ગત દમણના લેખક ઉમંગ વ્યાસે 'ધ ફિલોસોફી ઓફ અ મિડલ-ક્લાસ મિલેનિયલ' નામની સ્ટોરીટેલિંગ/સ્પોકન વર્ડ રજુ કરી હતી. ઉત્તર દેવિકા સક્સેનાએ 'લાઈફઃ લોસ્ટ એન્ડ ફાઉન્ડ' પ્રસ્તુત કરી હતી, જ્યારે કુશાંક જોશીએ પોતાની સ્ટોરીટેલિંગ પ્રસ્તુતિ 'દો પહેલુ' રજુ કરી હતી. શનિવારે ગૌરાંગ રાવલના લેટેસ્ટ ગુજરાતી નાટક 'સ.ઈ.'નું પ્રીમિયર યોજાયું હતું. આ નાટકમાં પુરુષ અહંકાર પર બોલ્ડ, વ્યંગાત્મક દ્રષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમની વિસ્તૃત માહિતી અભિવ્યક્તિની વેબસાઈટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ છે. ૩૦ નવેમ્બર સુધી ચાલનારા કાર્યક્રમોમાં ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, અટીરા કેમ્પસ અને શ્રેયસ ફાઉન્ડેશન ખાતે વિવિધ કાર્યક્રમો વિનામુલ્યે વહેલાં તે પહેલાંના ધોરણે માણી શકાશે.



# અલવિદા 'હી-મેન': ધર્મેન્દ્ર ઈચ્છતા નહોતા કે તે ફિલ્મોમાં આવે છતાં ઈચ્છા વિરુદ્ધ એશાએ કામ કર્યું

નવી દિલ્હીઃ અભિનેતા ધર્મેન્દ્રની પુત્રી એશા દેઓલે એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો કે પંજાબી અને રૂઢિચુસ્ત વિચારસરણીના કારણે તેના પિતા ઈચ્છતા નહોતા કે તે ફિલ્મોમાં આવે, પણ તેણે માતા હેમા માલિનીને જોઈને ફિલ્મોમાં કામ કરવાનું નક્કી કર્યું.

'હું ફિલ્મોમાં કામ કરું એ માટે પિતાની અનિચ્છા હતી અને તેઓ મને પરણાવી ઠરીઠામ કરવા ઉત્સુક હતા એમ ધર્મેન્દ્ર અને હેમા માલિનીની અને હિન્દી ફિલ્મોની અભિનેત્રી એશા દેઓલે એક વખત જણાવ્યું હતું.

'કોઈ મેરે દિલ સે પૂછો' માટે 'બેસ્ટ ફિમેલ ડેબ્યુ'નો ફિલ્મફેર એવોર્ડ મેળવનારી એશાએ ૨૦૨૪માં આપેલા એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે 'હું ફિલ્મોમાં કામ કરું એ પિતાશ્રી નહોતા ઈચ્છતા. તેઓ પંજાબી હતા અને રૂઢિચુસ્ત વિચારસરણી ધરાવતા હતા.

એમનો ઉછેર ચોક્કસ વાતાવરણમાં થયો હોવાથી તેઓ ૧૮ વર્ષની ઉંમરે પરણાવી દેવા માગતા હતા. તેમના પરિવારમાં આ જ રીત જોવા મળતી હતી. પણ મેં મારી મમ્મી (હેમા માલિની)ને રૂપેરી પડદા પર અભિનય કરતી જોયા પછી મને પણ એવું જ કંઈક કરવાના અભરખા જાગ્યા હતા.'ફિલ્મમાં કામ કરવા પિતાશ્રીને મનાવવા આસાન નહોતું એનો ઉલ્લેખ કરી એશાએ જણાવ્યું હતું કે 'તેમને મનાવવા આસાન નહોતા. બહુ સમય લાગ્યો, તે સરળ ન હતું, પરંતુ આજે પરિસ્થિતિ એકદમ જુદી છે.એશા અને ધર્મેન્દ્રએ ૨૦૧૧માં હેમા માલિની દિગ્દર્શિત ફિલ્મ 'ટેલ મી ઓ ખુદા'માં સાથે કામ કર્યું હતું. આ ફિલ્મમાં દિવંગત સ્ટાર્સ વિનોદ ખન્ના અને ઋષિ કપૂર અને ફારૂક શેખ પણ હતા.

**'હું ફિલ્મોમાં કામ કરું એ માટે પિતાની અનિચ્છા હતી અને તેઓ મને પરણાવી ઠરીઠામ કરવા ઉત્સુક હતા એમ ધર્મેન્દ્ર અને હેમા માલિનીની અને હિન્દી ફિલ્મોની અભિનેત્રી એશા દેઓલે એક વખત જણાવ્યું હતું.**



# સાંસદ નરહરિ અમીન દ્વારા ખેલ મહોત્સવનું ભવ્ય આયોજન થયું

## કબડ્ડી, વોલીબોલ, ખો-ખો, બાસ્કેટબોલ સ્પર્ધામાં સંખ્યાબંધ ટીમોએ ભાગ લીધો

રાજ્યસભાનાં સાંસદ નરહરિ અમીન દ્વારા આયોજીત સાંસદ ખેલ મહોત્સવનું ૨૧થી ૨૩મી નવેમ્બર દરમિયાન ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતોમાં શાળા-કોલેજોની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૨૧મીએ હીરામણિ સ્કૂલ ખાતે યોજાયેલી કબડ્ડી, વોલીબોલ અને ખો-ખો સ્પર્ધામાં ૫૬ ટીમના ૬૮૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૨૨મીએ હીરામણિ સ્કૂલ ખાતે જ રસ્સા ખેંચ, યોગાસન, લીંબુ ચમચો, સંગીત ખુરશી (વૃદ્ધાશ્રમના વડીલો)માં કુલ ૬૦૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૨૩મીએ અંતિમ દિવસે શહેરના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી બાસ્કેટબોલ સ્પર્ધામાં ૧૭ ટીમના ૨૦૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને એકલવ્ય એકેડમી, થલતેજ ખાતે યાજેયલી સ્કેટિંગ સ્પર્ધામાં છથી ૧૮ વર્ષના ૪૨૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ મહોત્સવમાં કુલ ૧૯૦૫ ખેલાડી ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. જેમાં દસ ટ્રોફી, ૩૨૨ મેડલ અને તમામ ખેલાડીઓએ પાર્ટીસિપેસન સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. સાંસદ અને સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, નીતાબહેન અમીન, ડૉ. વરુણભાઈ અમીન, આર.સી.પટેલ, પંકજભાઈ દેસાઈ, વિજુલબેન અમીન, ઘનશ્યામભાઈ અમીન, ભગવત અમીને વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

## ભારતીય ટીમના ખરાબ પ્રદર્શન બાદ ચર્ચા...



# ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવાનો કોહલીનો નિર્ણય ખોટો હતો?

મુંબઈ: ગુવાહાટીમાં દક્ષિણ આફ્રિકા સામે ચાલી રહેલી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમની જીતની શક્યતા નજીવી છે, મેચ ડ્રો કરવી પણ ભારતીય ટીમ માટે અત્યંત મુશ્કેલ જણાઈ રહ્યું છે. જો ભારતીય ટીમ હારશે તો છેલ્લા એક વર્ષમાં ઘરઆંગણે ભારતીય ટીમનું બીજી વાર વ્હાઇટવોશ થશે. આ સ્થિતિમાં ભારતીય ક્રિકેટ ચાહકોને દિગ્ગજ બેટર વિરાટ કોહલીની યાદી આવી રહી છે. ક્રિકેટ ચાહકોના મત મુજબ વિરટે ટેસ્ટ ક્રિકેટ માંથી નિવૃત્તિ લેવી જોઈતી ન હતી.

ભૂતપૂર્વ ક્રિકેટર શ્રીવત્સ ગોસ્વામીએ આ ચર્ચા છેડી છે. X પર એક પોસ્ટ કરીને તેમણે લખ્યું કે કોહલીએ ODI ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવી જોઈતી હતી અને ટેસ્ટ ક્રિકેટર રમતા રહેવું જોઈતું હતું. તેમણે કહ્યું કે ટેસ્ટ ફોર્મેટમાં તેની ઉર્જા, જુસ્સો અને જીતની માનસિકતાની કમી વર્તાઈ રહી છે. એક સમયે વિરાટે ટીમમાં આ ગુણો કેળવ્યા હતાં.

શ્રીવત્સ ગોસ્વામીએ લખ્યું,''વિરાટે ODI રમવાનું છોડી દેવું જોઈતું હતું અને ટેસ્ટ ક્રિકેટ રમવાનું ચાલુ રાખવું જોઈતું હતું. ટેસ્ટ ક્રિકેટમાં તેની યાદ આવી રહી છે. તે ટીમમાં નવી ઉર્જા લાવ્યો હતો, તેણે ખેલાડીઓને દેશ માટે રમવાનો પ્રેમ અને જુસ્સો અપાવ્યો હતો, જ્યાં તેણે ટીમને વિશ્વાસ અપાવ્યો હતો કે તેઓ કોઈપણ સ્થિતિમાં જીતી શકે છે.''

આ વર્ષે ભારતીય ટીમના ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા મે મહિનામાં કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરીને ચાહકોને ચોંકાવી દીધા હતાં. તેના પાંચ દિવસ પહેલા જ રોહિત શર્માએ ક્રિકેટ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ બંને દિગ્ગજો ખેલાડીઓએ ગત વર્ષે ગત વર્ષે T20I ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી અને હાલ બંને ફક્ત ODI ક્રિકેટમાં જ રમે છે. બંને ODI વર્લ્ડ કપ ૨૦૨૭ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતા રહેશે, ત્યાર બાદ બંને આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી શકે છે.

# ગંભીરને ટેસ્ટમાંથી હટાવો, દ્રવિડને પાછો બોલાવો', એક્સપર્ટ્સે ભારતીય હેડ કોચને બદલવાની માગણી કરી

ગુવાહાટી ટેસ્ટમાં ભારત હારની કગાર પર છે. સાઉથ આફ્રિકાએ કોલકાતામાં પહેલી ટેસ્ટ જીતી હતી, અને હવે આ બીજી મેચ જીતીને ટીમ સિરીઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરવાની નજીક છે. જો આવું થયું, તો ગૌતમ ગંભીરની કોચિંગ હેઠળ ભારત ૧૩ મહિનાની અંદર ઘરઆંગણે બીજી વખત ક્લીન સ્વીપ થઈ જશે. ૨૦૨૪માં ન્યૂઝીલેન્ડે ભારતને ૩-૦થી હરાવ્યું હતું.

ટેસ્ટમાં અત્યંત ખરાબ પ્રદર્શન બાદ કોચ ગંભીરની ખૂબ ટીકાઓ થઈ રહી છે. પૂર્વ ભારતીય ક્રિકેટર અતુલ વાસને તો ત્યાં સુધી કહી દીધું કે ગંભીરને ટેસ્ટ ફોર્મેટમાંથી હટાવી દેવા જોઈએ અને તેમની જગ્યાએ રાહુલ દ્રવિડને ફરીથી લાવવા જોઈએ. જ્યારે પૂર્વ સિલેક્ટર સબા કરીમે કહ્યું કે ટીમ ઈન્ડિયા ટેસ્ટ રમવાનું જ ભૂલી ચૂકી છે. આ સ્ટોરીમાં જાણીએ કે ગંભીર ટેસ્ટમાં ક્યાં ભૂલો કરી રહ્યા છે...

ગૌતમ ગંભીરની કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયા વ્હાઇટ બોલની જેમ રેડ બોલ ક્રિકેટમાં પણ ઓલરાઉન્ડર્સ પર વધુ પડતો ભાર આપવા લાગી છે. આની અસર એ થઈ કે ટીમમાં માત્ર ૩ કે ૪ સ્પેશિયાલિસ્ટ બેટર્સને જ તક મળી રહી છે. સાઉથ આફ્રિકા સામેની સિરીઝમાં તો ભારતે બંને ટેસ્ટમાં ૩-૩ સ્પેશિયાલિસ્ટ બેટર્સને જ રમાડ્યા. યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલે બંને ટેસ્ટ રમી, જ્યારે પહેલામાં શુભમન ગિલ અને બીજામાં સાઈ સુદર્શનને તક મળી.

પહેલી મેચમાં ભારતના ૩ બેટર્સ સ્પિન પીચ પર કંઈ ખાસ કરી શક્યા નહીં, પરંતુ બીજી મેચની પહેલી ઈનિંગ્સમાં ત્રણેયે મળીને ૯૫ રન બનાવ્યા. જ્યારે ૪થી ૭ નંબરના બેટર્સ મળીને માત્ર ૨૩ રન જ બનાવી શક્યા. રિષભ પંત અને ધ્રુવ જુરેલ જેવા ખેલાડીઓ તો જોખમી શોટ રમવાના પ્રયાસમાં પોતાની વિકેટ આપી બેઠા. જ્યારે આ ફોર્મેટમાં આવા શોટ્સની કંઈ ખાસ જરૂરિયાત પણ રહેતી નથી.

ગંભીરની કોચિંગમાં ટીમ ઈન્ડિયાની નંબર-૩ની બેટિંગ પોઝિશન નક્કી થઈ રહી નથી. સાઉથ આફ્રિકા ટેસ્ટમાં જ જોઈએ તો અહીં પહેલા મુકાબલામાં વોશિંગ્ટન સુંદર અને બીજામાં સાઈ સુદર્શને નંબર-૩ પર બેટિંગ કરી. આ પોઝિશન પર કરુણ નાયરને પણ તક આપવામાં આવી, પરંતુ કોઈ પણ ખેલાડીને લાંબા સમય સુધી આ પોઝિશન મળી નહીં.

ગંભીર કોચ બને તે પહેલાં ૨૫ વર્ષ સુધી ભારતને આ પોઝિશનની ચિંતા કરવી પડી ન હતી. પહેલાં રાહુલ દ્રવિડ અને ત્યારબાદ ચેતેશ્વર પૂજારાએ આ પોઝિશન સંભાળી હતી અને ઘણી પરિસ્થિતિઓમાં ટીમને બચાવી હતી. નંબર-૫ની પોઝિશન પણ ચિંતાનો વિષય છે, અહીં રિષભ પંત, ધ્રુવ જુરેલ અને રવીન્દ્ર જાડેજાને અજમાવવામાં આવી રહ્યા છે. આ પોઝિશનને વી.વી.એસ. લક્ષ્મણ અને અજિંક્ય રહાણેએ સંભાળી રાખી હતી, પરંતુ હવે અહીં પણ ખૂબ જ વધારે પ્રયોગો થઈ રહ્યા છે, જેનાથી ટીમમાં સ્થિરતા આવી રહી નથી.



# ફિડે ચેસ વર્લ્ડ કપ ૨૦૨૫ : અરીણના પરાજય સાથે ભારતના પડકારનો અંત

## ક્વાર્ટરફાઇનલમાં ચીનના વેઈ યી સામે અરીણનો પરાજય



ફિડે ચેસ વર્લ્ડ કપ ૨૦૨૫માં ભાગ લઈ રહેલા ભારતીય ગ્રાન્ડમાસ્ટર અરીણ એરિગાઈસીનો ક્વાર્ટર ફાઈનલમાં બંને ક્લાસિકલ ગેમ ડ્રો કરી હતી અને મેચનો નિર્ણય ટાઈબ્રેકમાં ગયો હતો જ્યાં તેનો પરાજય થતાં આ ટુર્નામેન્ટમાં ભારતના અભિઆનનો અંત આવી ગયો હતો.

અહાં યોજાયેલી ટુર્નામેન્ટમાં વારંગલના ૨૨ વર્ષીય અરીણ એરિગાઈસીએ પ્રથમ ટાઈબ્રેક રમતમાં બ્લેક પીસ સાથે ફ્રેન્ચ ડિફેન્સ સામે રમી હતી. તે મધ્ય રમતમાં દબાણ હેઠળ દેખાયો હતો પરંતુ ચાલ ૨૭ પર વેઈની ભૂલને કારણે અરીણને પુનરાગમન કરવાની તક મળી હતી. પરિણામે રમત ૬૬ ચાલ પછી ડ્રોમાં સમાપ્ત થઈ હતી. ૨૦૨૩માં અરીણ એરિગાઈસી પણ પ્રજ્ઞાનંધા સામે હારી ગયા બાદ ક્વાર્ટર ફાઈનલ ટાઈબ્રેકમાં બહાર થઈ ગયો હતો. આ વખતે બીજી ગેમમાં તેણે જીતવા માટે સફેદ મ્હોરા સાથે વેઈના પેટ્રોવ ડિફેન્સને તોડવું પડ્યું હતું. પરંતુ વેઈ તેની યોજના પર અડગ રહ્યો અને ૨૮મી ચાલથી આગળ વધ્યો. અરૂણે છેલ્લી ક્ષણ સુધી લડત આપી, પરંતુ ૭૯-ચાલની મેચમાં વેઈએ તેના 'સી' પ્યાદાને રાણીને પ્રમોટ કરીને વિજય મેળવ્યો અને અરીણે મેચ પડતી મૂકી દીધી હતી. આમ ભારતનો પડકાર સમાપ્ત થયો હતો. વેઈએ મેચ પછી કહ્યું, "આટલા સારી રીતે તૈયાર ખેલાડી સામે જીત મેળવીને હું ખુશ અને ઉત્સાહિત છું. પહેલી ગેમમાં, મને રમતના મધ્ય અને અંતિમ ભાગમાં ઘણી તકો મળી, પરંતુ હું તેનો લાભ લઈ શક્યો નહીં. બીજી ગેમમાં, તે જીતવા માટે મક્કમ હતો અને તેણે ઘણી જોખમી ચાલ કરી, જે સમયે મને લાગ્યું કે મારી પાસે જીતની તક છે.''

# મુથુસામી ભારતમાં રમવા માટે ઉત્સાહિત છે



ગુવાહાટી ટેસ્ટની પહેલી ઈનિંગમાં શાનદાર સદી ફટકારનાર દક્ષિણ આફ્રિકાના ભારતીય મૂળના ઓલરાઉન્ડર સેનુરન મુથુસામીએ કહ્યું કે તેઓ ભારતમાં રમવાનો આનંદ માણી રહ્યા છે. મુથુસામીએ કહ્યું કે ૨૦૧૯ના ભારતના પ્રવાસ પછી, તેમને લાગ્યું કે તેમને ત્યાં ટેસ્ટ ક્રિકેટ રમવાની બીજી તક ક્યારેય નહીં મળે, કારણ કે તેઓ ફક્ત બે વિકેટ જ મેળવી શક્યા હતા. તેથી, તેઓ આ પ્રવાસ માટે ખૂબ જ ઉત્સાહિત છે.

હવે, છ વર્ષ પછી, મુથુસામીએ ભારત પ્રવાસ પર શાનદાર પ્રદર્શન કરીને પોતાને સાબિત કર્યું છે. તેમણે કહ્યું કે અમને ઉપખંડની પરિસ્થિતિઓની સારી સમજ છે. મુથુસામીએ આ વર્ષે પાકિસ્તાન પ્રવાસ પર પણ સારું પ્રદર્શન કર્યું, પ્રથમ ટેસ્ટમાં ૧૧ વિકેટ લીધી. તેમણે બીજી ટેસ્ટમાં ૮૯ રનની અણનમ ઈનિંગ રમી. હવે, તેમણે ભારત સામે ૧૦૯ રનની ઈનિંગ રમી જ્યારે ટીમ ૨૦૧ રનમાં પાંચ વિકેટ ગુમાવી ચૂકી હતી. મુથુસામીએ કહ્યું, "મારી સફર અલગ રહી છે. મેં ૨૦૧૯ માં ભારત માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવેશ કર્યો હતો પરંતુ મને વધારે સફળતા મળી ન હતી. જોકે, ક્રિકેટ એક એવી સફર છે જ્યાં તમે ફક્ત દરેક દિવસને એક પછી એક લો છો અને ખૂબ આગળ વિચારતા નથી." તેમણે ઉમેર્યું, "પરંતુ ૨૦૧૯ પછી, મને ખાતરી નહોતી કે હું ક્યારેય ટેસ્ટ ક્રિકેટ રમીશ. અને મને ભારતમાં રમવા વિશે બિલકુલ ખાતરી નહોતી."મુથુસામીએ કહ્યું, "હું મારા કોચ, પરિવાર અને સપોર્ટ સ્ટાફ તરફથી મળેલા સમર્થન માટે આભારી છું." ૨૦૧૯ની તેની ડેબ્યૂ શ્રેણી પછી, તેને ચાર વર્ષ પછી ટીમમાં બોલાવવામાં આવ્યો. આ દરમિયાન, તેણે ઘરેલુ ક્રિકેટમાં સારું પ્રદર્શન કર્યું હતું. ક્રિકેટરે કહ્યું કે ભારતની મુલાકાત દરમિયાન, તે તેના મૂળની પણ શોધ કરશે. તેના પૂર્વજો તમિલનાડુના નાગપટ્ટિનમના છે. જો કે, તે પોતે ક્યારેય ત્યાં ગયો નથી. જો કે, તેની માતા અને કાકી તેમના પૂર્વજોના શહેરની મુલાકાતે ગયા છે.

# સાઉથ આફ્રિકાનો બીજી ઇનિંગમાં સ્કોર ૧૪૮/૩



ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે બીજી ટેસ્ટ ગુવાહાટીમાં રમાઈ રહી છે. સાઉથ આફ્રિકાનો બીજી ઇનિંગમાં સ્કોર ૧૪૮/૩ છે અને તેમની લીડ ૪૩૦+ રનની છે. ટીમ તરફથી ટ્રિસ્ટન સ્ટબ્સ અને ટોની ડી જ્યોર્જી ક્રિઝ પર છે. બન્ને વચ્ચે ૫૦+ રનની પાર્ટનરશિપ થઈ ગઈ છે.

સાઉથ આફ્રિકાની ત્રીજી વિકેટ વોશિંગ્ટન સુંદરે લીધી. તેણે ટેમ્બા બાવુમાને નીતિશ રેડ્ડીના હાથે કેચ કરાવ્યો હતો. આ પહેલાં, રવીન્દ્ર જાડેજાએ એડન માર્કરમ (૨૯) અને રાયન રિકેલ્ટન (૩૫)ને આઉટ કર્યા હતા.

બરસાપારા સ્ટેડિયમમાં મેચના ત્રીજા દિવસે ભારત માત્ર ૨૦૧ રન પર જ ઓલઆઉટ થઈ ગયું. યશસ્વી જયસ્વાલે ફિફ્ટી ફટકારી હતી. જ્યારે મહેમાન ટીમ તરફથી માર્કો યાન્સેને ૬ વિકેટ લીધી હતી.

ચોથા દિવસનો પહેલો સેશન ભારતને નામે રહ્યો. ટીમે આ સેશનમાં ૮૧ રન આપીને ત્રણ મહત્વપૂર્ણ વિકેટ લીધી. જોકે, બીજી ઈનિંગ્સમાં સાઉથ આફ્રિકાની કુલ સરસાઈ ૩૯૫ રન થઈ ગઈ છે. પહેલા સેશનમાં રાયન રિકેલ્ટન (૩૫), એડન માર્કરમ (૨૯) અને ટેમ્બા બાવુમા (૩) આઉટ થયા. રવીન્દ્ર જાડેજાને બે અને વોશિંગ્ટન સુંદરને એક વિકેટ મળી. સાઉથ આફ્રિકાની સરસાઈ ૪૦૦ રન પાર થઈ ગઈ છે. ટીમે બીજી ઈનિંગ્સમાં ત્રણ વિકેટના નુકસાન પર ૧૧૨ રન બનાવી લીધા છે. ટ્રિસ્ટન સ્ટબ્સ અને ટોની ડી જ્યોર્જી ક્રિઝ પર છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૨૫ નવેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

## દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રને સુરતની શ્રદ્ધાંજલિ




હીમેન ધર્મેન્દ્રએ દુનિયાને અલવિદા કહી દીધું છે. દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રના નિધનને પગલે સુરતની જ્ઞાનગંગા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. (તસવીર : હનીફ મલેક)

## સુરભી ડેરીમાંથી પોલીસે જપ્ત કરેલા પનીરના નમૂના ફેઈલ જતા પોલીસ ફરિયાદ થઈ

### એસઓજી પોલીસે સુરભી ડેરીના સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

અડાજણ સ્થિત સુરભી ડેરી તેમજ તેના ખટોદરા સોરઠીયા કમ્પાઉન્ડ ખાતેના સ્ટોરેજ ગોડાઉનમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા અખાદ્ય ચીજ-વસ્તુઓ બાબતે તપાસ કરવામાં આવી હતી. જેમાં ૭૫૪ કિ.ગ્રા પનીરનો જથ્થો કબ્જે લઇ તેને પૃથ્થકરણ માટે લેબમાં મોકલાયું હોય નમૂના ફેલ જતા આ મામલે આજે પખવાડીયા બાદ એસઓજી પોલીસ દ્વારા ખટોદરા પોલીસ સ્ટેશનમાં સુરભી ડેરીના સંચાલકો સામે ગુનો નોંધાવવામાં આવ્યો છે.

બજારમાં સસ્તા ભાવે પનીર વેચવાની લ્હાયમાં સુરભી ડેરીના સંચાલકો સામે કાયદાકીય કાર્યવાહી થઇ છે. લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા બદલ માલિકો સામે ગુનો નોંધાતા અન્ય ડેરી પ્રોડક્ટ સાથે સંકળાયેલા લોકોમાં ફફડાટ ફેલાયો છે. થોડા દિવસ પહેલા એસઓજી ડીસીપી રાજદીપ નકુમના માર્ગદશન હેઠળ પોલીસ દ્વારા સુરભી ડેરી અને સ્ટોરેજ ગોડાઉન ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી. ૭૫૪ કિ.ગ્રામ નકલી પનીર કબ્જે કરાયું હતું. આ પનીરના નમૂના એફએસએલમાં મોકલાયા હતા. દરમિયાન આજે સેમ્પલ ફેલ ગયા હોય એસઓજી દ્વારા ખટોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે.

સુરભી ડેરીના માલિકો બજારમાં સસ્તા ભાવે પનીર વેચવા માટે ભેળસેળ યુક્ત પનીર બનાવતા હતા. જે લોકોના સ્વાસ્થયને ગંભીર નુકશાન પહોંચાડે તેમ હોય પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

અત્રે નોંધયનીય છે કે, આ સુરભી ડેરીમાંથી સુરત મહાનગરપાલિકાના ફૂડ ઈન્સ્પેકશન વિભાગ દ્વારા પણ નમુના લેવાયા હતા. જે નમુના પણ સબ સ્ટાન્ડર્ડ આવ્યા હતા. જે સંદર્ભે ફૂડ ઈન્સ્પેકશન વિભાગની પણ કાર્યવાહી બાકી છે.

## બીએલઓ ડિન્કલ શિંગોડાવાળાનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું

### ડિન્કલબેન ઘરના બાથરૂમમાં મૃત મળી આવ્યા હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

વરાછા ઝોનમાં ટેકિનકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતી ડિન્કલ શિંગોડાવાળા ઉ.વ.૨૯નું ગઈકાલે ઘરના બાથરૂમમાંથી બેભાન મળી આવ્યા બાદ શંકાસ્પદ મોત થવાના પ્રકરણમાં મૃતકનું ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ કરાયું છે.જેના રિપોર્ટ આવ્યે મોતનું સાચું કારણ બહાર આવશે. ડિન્કલ શિંગોડાવાળાને બુથ લેવલ ઓફીસરની કામગીરી સોંપવામાં આવી હતી. તાજેતરમાં બીએલઓની કામગીરી કરતા કર્મચારીઓના આપઘાત તેમજ હાર્ટ એટેક કે અન્ય કારણોસર મોત થવાના બનાવ સામે આવી રહ્યા છે ત્યારે બીએલઓની કામગીરી દિવસાનો દિવસો કર્મચારીઓ માટે ટ્રેસ લેવલ વધારી રહી હોવાનું સામે આવી રહ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઓલપાડના માસમા ગામ ખાતે રહેતી ૨૯ વર્ષિય ડિન્કલ શિંગોડાવાળાનું ગઈકાલે તેના ઘરે બાથરૂમમાં બેભાન હાલતમાં મળી આવ્યા બાદ હોસ્પિટલ ખસેડાતા તેને મૃત જાહેર કરાઇ હોય આ મામલે પરિવારજનોએ શંકા વ્યક્ત કરી હતી. બીએલઓની કામગીરી ને કારણે ભારણ વધ્યું હોય ડિન્કલનું મોત શંકોસ્પદ જણાતા તેનું ફોરેન્સિક પીએમ કરાયું છે. જેના રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચુ કારણ બહાર આવશે.

## વેસુમાં કન્ટેનરની કેબિનમાં આગ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

સુરત શહેરના વેસુ પ્રાઈમ શોપર્સ પાસે એક કન્ટેનરની કેબીનમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાની ઘટના સામે આવી હતી જો કે તાત્કાલિક આગ કાબુમાં લઈ લેવામાં આવી હતી.

પાર વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર આજે સવારે વેસુ ખાતે પ્રાઈમ સોપર્સ નજીક સેલ પેટ્રોલ પંપ પાસે એક કન્ટેનરમાં કેબિનના ભાગે શોર્ટ સર્કિટ થયું હતું જેના કારણે આગ ભભૂકી ઊઠી હતી. નજીકમાં જ પેટ્રોલ પંપ હોય કોલ ગંભીરતાથી ફાયરની ટીમે લઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી સંપૂર્ણ પણે આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

## કતારગામ વોટર વર્કસમાં મોકડ્રીલ

હાલમાં જ અલથાણ ખાતેના એક સ્વિમિંગ પૂલમાં ક્લોરિન લીકેજ થવાની ઘટનએ ભારે ચકચાર મચાવી હતી. આ ઘટના ધ્યાને લઈ ક્લોરીન ગેસ લીકેજ થાય ત્યારે શું કાળજી અને કઈ રીતની કામગીરી કરવામાં આવે તે એક મોકડ્રીલ નું આયોજન કરાયું હતું. કતારગામ વોટર વર્કસ ખાતે ક્લોરિન ગેસ લીકેજ સંદર્ભે ફાયર વિભાગની ટીમે મોકડ્રીલ યોજી હતી.



સુરભી ડેરીમાંથી નકલી પનીર મળી આવ્યાના કેસમાં એસઓજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પોલીસ ફરિયાદ બાદ એકની ધરપકડ કરી હતી.

## માંગરોળમાં વીજ કંપનાના વાયરોની ચોરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

માંગરોળ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા આંકડોદ ગામ તથા સીમોદ્રા ગામમાં ખેતરોમાંથી પસાર થતા વીજળીના થાંભલા ઉપર લગાવેલ ખેતીવાડીના વીજ લાઈનના ૪૬૭૪ મીટર કંડકટર વાયરો કોઈ અજાણ્યો વ્યકિત ચોરી કરી ગયો હતો. જેની કિંમત અંદાજે રૂા.૯૩૫૦૦ની આંકવામાં આવી છે. આ બનાવ સંદર્ભે દેવલાભાઈ વસાવાએ માંગરોળ પોલીસ સ્ટેશને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. માંગરોળ પોલીસે અજાણ્યા આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એચ.સોલંકીએ તપાસ હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે ગ્રામ્ય વિસ્તારમાં આ રીતે વીજ કંપનીના વાયરોની ચોરીની ઘટના વારંવાર બને છે.

## નવસારી ખાણ ખનીજ વિભાગના નિવૃત મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની ધરપકડ

### સંદીપ ખોપકરે નોકરી દરમિયાન એક કરોડની અપ્રમાણસર મિલ્કત વસાવી હતી, એસીબીની કાર્યવાહી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

નવસારીના ખાણ ખનીજ વિભાગના મદદનીશ ભુસ્તરશાસ્ત્રી સામે નિવૃત્તિ બાદ તેમણે સને ૨૦૦૯થી ૨૦૧૮ દરમિયાન વસાવેલી મિલ્કતો અપ્રમાણસર હોવા બાબતે નવસારી એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે. ભુસ્તરશાસ્ત્રી સંદિપ ખોપકર સામે રૂ.૧ કરોડની અપ્રમાણસર મિલ્કતનો ગુનો નોંધવામાં આવ્યો છે. અને પોલીસ દ્વારા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી સંદિપ મધુકર ખોપકરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

નવસારી એન્ટી કરપ્શન બ્યુરો પાસેથી મળતી વિગત અનુસાર હાલ વડોદરા માંજલપુર આમ્રપાલી સોસાયટીમાં રહેતા સંદિપ મધકુર ખોપકર રાજ્ય સેવક તરીકે મદદનીશ ભુસ્તરશાસ્ત્રી હતા. તેમણે ફરજ દરમિયાન સને ૨૦૦૯ થી ૨૦૧૮ના સમયગાળામાં રૂ.૧ કરોડથી વધુની મિલ્કત તેમને મળેલી સત્તાનો દુરૂપયોગ કરીને વસાવી હોવાનું તપાસ દરમિયાન સામે આવ્યું હતું. જે તેમની કાયદેસરની આવકની સરખામણીમાં ૬૨.૧૩ ટકા જેટલી વધુની અપ્રમાણસર મિલ્કત તરીકે સામે આવી છે. નવસારી ખાણ ખનીજ વિભાગમાં ફરજ બજાવીને નિવૃત્ત થયેલા ભુસ્ત્રશાસ્ત્રી સંદીપ મધુકર ખોપકર સામે નવસારી એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસની તપાસ નવસારી એસીબીના કે.જે.ધડુક કરી રહ્યા છે.

વધુમાં નવસારી એસીબીએ અપીલ કરી છે કે સરકારના જુદા જુદા વિભાગમાં ફરજ બજાવતા કોઈપણ અધિકારી કર્મચારી તેમના કાયદેસરના મહેનતાણા સિવાય જાહેર જનતા પાસે જો કોઈ ગેરકાયદેસર લાંચની માંગણી કરે તો તાત્કાલિક એસીબીનો સંપર્ક કરવો.

### સલામત સફર, એસટી અમારીના સૂત્રને ઠેબે ચઢાવતો એસટી બસ ચાલક

## રિંગરોડ બ્રિજ પર ત્રણ કિમી સુધી રોંગ સાઈડમાં એસટી બસ દોડાવવામાં આવી



### વીડિયો વાયરલ થતા સુરત એસટી વિભાગની તપાસ

**સુરત, તા.૨૫**

ગુજરાતમાં એસટી બસના ચાલકો બેફામ બસ ચલાવતા હોવાના અગાઉ પણ અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. ત્યારે સુરતમાં આવો જ એક વધુ એક કિસ્સો સામે આવ્યો છે. સુરતના રિંગરોડ બ્રિજ પર રોંગ સાઈડમાં બેફામ એસટી બસનો ચાલક બસ ચલાવી રહ્યો હોવાનો વીડિયો સામે આવ્યો છે. તેમાં ત્રણ કિલોમીટર થી વધુ બસને ડ્રાઈવર દ્વારા રોંગ સાઈડમાં ચલાવવામાં આવી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

બે દિવસ પહેલા રાત્રિના સમયે એક કાર ચાલક સ્ટેશનથી થઈને ઉધના તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન રિંગ રોડ પર પસાર થઈ રહ્યો હતો ત્યારે તેની રોંગ સાઈડમાં એક એસટી બસનો ચાલક ૫૦ થી ૬૦ ની સ્પીડે બસને દોડાવીને જઈ રહ્યો હતો. એસટી બસ રોંગ સાઈડમાં ચાલતી હોવાથી કારના ચાલક દ્વારા તેનો વીડિયો બનાવી લેવામાં આવ્યો હતો. એસટી બસ સ્ટેશન થી લઈને છેક ઉધના સુધી રોંગ સાઈડ ગઈ હતી.

બસ સ્ટેશનથી ઉધના એમ ત્રણ થી ચાર કિલોમીટર સુધી એસટી બસના ચાલકો દ્વારા બેફામ બનીને રોંગ સાઈડમાં બસ ચલાવવામાં આવી હતી. આ બસનો નંબર GJ 01 BZ 7384 છે. હાલ તો આ વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થઈ રહ્યો છે.

આ પ્રકારની બેદરકારી ટ્રાફિક જામની સ્થિતિ પેદા કરવા ઉપરાંત ગંભીર અકસ્માતને નોતરી શકે છે. વારંવાર ST બસના ડ્રાઈવરોની બેદરકારીના કિસ્સાઓ સામે આવતા હોવાથી મુસાફરોની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે. સુરતનો રિંગરોડ બ્રિજ શહેરના સૌથી વ્યસ્ત માર્ગો પૈકીનો એક છે, જ્યાં દિવસભર હજારો વાહનોની અવરજવર રહે છે. આવા વ્યસ્ત બ્રિજ પર રોંગ સાઈડમાં બસ ચલાવવી એ ટ્રાફિકના નિયમોનું માત્ર ઉલ્લંઘન નથી, પરંતુ સામેથી આવતા વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનું જોખમ પણ ઊભું કરે છે. સદભાગ્યે, આ ઘટના રાત્રે બની હોવાથી કોઈ મોટો અકસ્માત થયો ન હતો.એસટી વિભાગીય નિયામક પી વી ગુર્જરે જણાવ્યું હતું કે, આ પ્રકારનો વિડીયો અમારી સામે આવ્યો છે અને આ બાબતે જેતે વિભાગને તપાસ કરીને પગલાં લેવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

## પાલીગામમાં ખુલ્લામાં ગાંજો વેચતા યુપીનો યુવક ઝડપાયો

### ૨૫૫ ગ્રામનો ગાંજો જપ્ત કરતી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

શહેરમાંથી નાર્કોટીક્સની પ્રવૃતિને નેસ્ત નાબુદ કરવા અને યુવાધનને નશાના અંધકારમાં ધકેલવાની પ્રવૃતી કરતા ઈસમો ઉપર વોચ રાખી ઝુંબેશ સ્વરૂપે કડક કાર્યવાહી કરવા માટે સુરત શહેરમાં ચોરી છુપીથી નાર્કોટીક્સ ડ્રગ્સ લાવી સુરત શહેરમાં વેચાણ કરતા ઈસમો ઉપર વોચ રાખી કડક કાર્યવાહી કરવા ખાસ ઝુંબેશ ચલાવેલ હોય જે સબંધે અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર જે ડીવિઝન સુરત શહેર નાઓની સુચના આધારે સચીન જી.આઈ.ડી.સી પો.સ્ટે.ના પો.ઈન્સ. કે.એ.ગોહિલ સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સ. બી.બી.પરમાર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સચીન જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી છુપીથી નાર્કોટીક્સ ડ્રગ્સ લાવી વેચાણ કરતા ઈસમોને ઝડપી પાડવાની સૂચના હોય જે અનુસંધાને ઝોન-૬ LCB સ્કોર્ડના અ.હે.કો દિપકકુમાર હરીસંગ તથા અહે.કો અનંત દિનેશચંદ્ર એલ.સી.બી. ઝોન-૬ની ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને એન.ડી.પી.એસ. અંગે મળેલ સંયુક્ત બાતમી આધારે "સચીન GIDC, પાલીગામ, ભોજપુરી સિનેમાની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટ પાસેથી દિપક સુરેશ મૌર્યા ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાના જથ્થાનો વેચાણ કરવા બેસેલ છે અને હાલ આ દિપક સુરેશ મૌર્યા ઉ.વ-૨૭ રહેવાસી-પ્લોટ નં.-૩૭, રૂમનં-૩૦, ત્રીજા માળે, સંતોષ પાંડેના મકાનમાં ભાડેથી, અંબીકાનગર, પાલીગામ, સચીન GIDC સુરત શહેર મુળવતત-ગામ-દેનુઆ, શાહગંજ, તૌકલપુર નગરા, સુલ્તાનપુર, (યુ.પી) મૌર્યા ત્યાં હાજર છે. રેડ કરતા વગર પાસ પરમીટનો ગાંજાનો જથ્થો કુલ્લે વજન ૨૫૫ ગ્રામ ગાંજાની કુલ કિં.રૂા.૧૨,૭૫૦/- ની મત્તાનો તથા માદક પદાર્થ ગાંજો ખાલી કરેલ કાળા કલરનું પ્લાસ્ટીકનુ ઝબલુ નંગ-૦૧ કિં.રૂ.૦૦/- મળી કુલ્લે રૂપિયા-૧૨,૭૫૦/- ની મત્તાના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

## સાયણ રોડ વેલંજા ખાતે ૩૮ વર્ષિય પરિણીતાનું હાર્ટએટેકથી મોત

### સુરત શહેરમાં હાર્ટએટેકના દિનપ્રતિદિન વધતા બનાવો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

સુરત શહેરમાં હાર્ટ એટેકના બનાવો દિન પ્રતિદિન ચિંતાજનક બની રહ્યા છે એક અંદાજ પ્રમાણે દરરોજ હાર્ટ એટેકના કારણે એ પણ જુવાન વયે એક થી બે લોકો અચાનક બેભાન થયા બાદ મોતને ભેટી રહ્યા છે. બીજી તરફ તબીબી વર્ગ આ અચાનક બેભાન થવાના ચોક્કસ કારણો જણાવી રહ્યો નથી. જેને પગલે ટપોટપ જુવાન વયના લોકો મરી રહ્યા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

હાલમાં જ વેલંજા ખાતે ૩૮ વર્ષની પરિણીતા પણ બેભાન થઈ ઢળી પડી હોવાની વિગતો તેના પતિએ જણાવી હતી. ડોક્ટરે પરિણીતાને હાર્ટ એટેક આવ્યો હોવાની શક્યતા પતિને જણાવી હતી. હાલ તો મોતનું ચોક્કસ કારણ જાણવા સ્મીમેર હોસ્પિટલ ખાતે પીએમ કરાવવામાં આવ્યું છે.

મૃતકના પતિ હિતેશ શિરોયાના જણાવ્યા અનુસાર તેઓ રાજકોટના જસદણ તાલુકાના સાણથલી ગામના વતની છે. હિતેશ શિરોયા વેલંજા ખાતે સાયણ રોડ રામવાટીકા સોસાયટી વિ-૩માં દક્ષાબેન (ઉ.વ.૩૮) અને બે બાળકો સાથે રહે છે. હિતેશ સીમાડા ખાતે ટુ વ્હીલર ની ગેરેજ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે તેમની પત્ની દક્ષાબેને તેમની બે દીકરીઓને બપોરે શાળાએ મોકલી હતી.

ત્યારબાદ બપોરે પત્ની દક્ષાબેન સોસાયટીની બહેનપણીઓ સાથે માર્કેટમાં શાકભાજી લેવા ગયા હતા ત્યારબાદ તેઓ ઘરે આવી ગયા હતા. દરમિયાન અચાનક બેભાન હાલતમાં ઘરે મળી આવ્યા હતા. સાંજે બંને દીકરીઓ સ્કૂલેથી જ્યારે ઘરે આવી ત્યારે માતા દક્ષા બેભાન હાલતમાં મળી આવી હતી. જેથી તાત્કાલિક દક્ષાબેનને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. વધુમાં હિતેશભાઈએ જણાવ્યું હતું કે મૃતક દક્ષાનું હાર્ટ એટેકના કારણે મોત થયું હોવાનું ડોક્ટરે જણાવ્યું હતું.

## પરવટ પાટિયાની ભાવના જ્વેલર્સમાં ચોરી કરનાર આરોપી ઝડપાયો

### અમદાવાદ દરિયાપુર ખાતે છૂપાયો હોવાની સુરત પોલીસની બાતમીના આધારે અમદાવાદ પોલીસની કાર્યવાહી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

પર્વત પાટિયા સુરભી કોમ્પ્લેક્સમાં આવેલ ભાવના જ્વેલર્સના પાછળના ભાગે પાડોશી દુકાનદારે બાકોરું પાડીને રૂપિયા ૧.૯૬ લાખની કિંમતના ચાંદીના ઘરેણાની ચોરી કરી હોવાની ઘટનામાં આરોપી પાડોશી દુકાનદારને અમદાવાદ ખાતેથી દરિયાપુર પોલીસે ઝડપી લીધો હતો. સુરત પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે.

ગોડાદરા પર્વત ગામ કૃપા એપાર્ટમેન્ટમાં રહેતા થાનારામ મોટા રામ ચૌધરી પર્વત પાટિયાના સુરભી કોમ્પ્લેક્સમાં ભાવના જ્વેલર્સના નામે સોના ચાંદીના દાગીનાનો વેપાર કરે છે. તેમની દુકાનેથી જ ત્રીજી દુકાનમાં રાજસ્થાન બાડમેરનો રહેવાસી લાખાસિંહ ઉર્ફે લક્ષ્મીસિંહ હેમાંસિંહ નાગણેશી જેન્ટ્સ વેરના નામે વેપાર કરે છે. શનિવારની રાત્રે લાખાસિંહે પોતાની દુકાનની દિવાલમાં બાકોરું પાડીને ફૂટવેરની દુકાનમાં આવ્યો હતો ત્યારબાદ જવેલર્સ ની દીવાલમાં બાકોરો પાડ્યું હતું જે જ્વેલર્સ ની દુકાન માં આવેલા વોશરૂમમાં ખુલ્યું હતું. આ બાકોરામાંથી લાખાસિંહ જ્વેલર્સ ની દુકાનમા ઘૂસ્યો હતો અને સીસીટીવી ફૂટેજ પણ તોડી નાખ્યા હતા બાદમાં દુકાનમાંથી ૧. ૯૬ લાખની કિંમતના ચાંદીના ઘરેણાંની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ત્રણ મહિના પહેલા જ આરોપી લાખાસિંહે ભાડેથી દુકાન લીધી હતી અને તેને તેની બાજુમાં આવેલી ફૂટવેર ની દુકાન ચાર પાંચ દિવસ બંધ હોવાનું જાણવા મળતા તેણે જ્વેલર્સ ની દુકાન માં થી ચોરી કરવાનો પ્લાન બનાવ્યો હતો ત્યારબાદ તેણે ફૂટવેરની દુકાનમાં બાકોરું પાડ્યું હતું ફૂટવેરની દુકાનમાં ઘૂસીને જ્વેલર્સ ની દુકાન માં બાકોરૂ પાડ્યું હતું અને ચોરી કરી હતી આ ઘટનાને પગલે પોલીસે પણ તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો બીજી તરફ અમદાવાદની દરિયાપુર પોલીસે ત્યાંથી લાખાસિંહને પકડી પડાયો હતો ત્યારબાદ સુરત પોલીસે તેનો કબજો ન આગળની તપાસ શરૂ કરી હતી